Thursday, 24 October 2024
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦




કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૧ ● અંકઃ ૨૭૮ ● સંવત-૨૦૮૦ આસો વદ આઠમ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD

## ભાજપ અનુ.જાતિ મોરચાના રાષ્ટ્રીય કોષાધ્યક્ષ અને અનુ.જાતિ મોરચાના પ્રદેશ પ્રભારીના સંઘપ્રદેશ પ્રવાસનો આરંભ

### દમણ ખાતે ભાજપ કાર્યાલયમાં અનુ.જાતિ મોરચાના પદાધિકારીઓ સાથે કરેલી ચર્ચા-વિચારણાં





(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
દમણ, તા.૨૩

ભારતીય જનતા પાર્ટીના અનુસૂચિત જાતિ મોરચાના રાષ્ટ્રીય કોષાધ્યક્ષ શ્રી સુરજ કેરો અને દાનહ-દમણ-દીવ પ્રદેશ ભાજપ અનુસૂચિત જાતિ મોરચાના પ્રદેશ પ્રભારી શ્રી અશોક ખટરમલે આજે દમણની મુલાકાત લીધી હતી.

પ્રદેશ ભાજપ કાર્યાલય ખાતે અનુસૂચિત જાતિ મોરચાના પ્રદેશ પ્રભારીઓ સાથે એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બંને મહાનુભાવોએ મનનીય માર્ગદર્શન આપ્યું હતું.

આ પ્રસંગે પ્રદેશ ભાજપના ઉપ પ્રમુખ શ્રી મહેશભાઈ આગરિયા અને શ્રી નવિનભાઈ પટેલ, પ્રદેશ મંત્રી શ્રીમતી ફાલ્ગુનીબેન પટેલે ઉપસ્થિત રહી ભાજપ અનુ.જાતિ મોરચાના રાષ્ટ્રીય કોષાધ્યક્ષ શ્રી સુરજ કેરો અને અનુ.જાતિ મોરચાના પ્રદેશ પ્રભારી શ્રી અશોક ખટરમલનું અભિવાદન કર્યું હતું.




આ પ્રસંગે પ્રદેશ અનુ.જાતિ મોરચાના પ્રદેશ અધ્યક્ષ શ્રી નિમેષભાઈ દમણિયા, અનુ.જાતિ સમાજના વરિષ્ઠ નેતા શ્રી મણીલાલભાઈ કોન્ટ્રાક્ટર, દમણવાડા ગ્રામ પંચાયતના સરપંચ શ્રી મુકેશ ગોસાવી, પ્રદેશ અને દમણ જિલ્લા અનુ.જાતિ મોરચાના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ભાજપ અનુ.જાતિ મોરચાના રાષ્ટ્રીય કોષાધ્યક્ષ સુરજ કેરો અને અનુ.જાતિ મોરચાના પ્રદેશ પ્રભારી અશોક ખટરમલે દમણવાડા ગ્રા.પં.ના નંદઘર અને લાઈબ્રેરી નિહાળી પ્રશાસનની કરેલી સરાહના










(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
**દમણ, તા.૨૩:** ભારતીય જનતા પાર્ટી અનુ.જાતિ મોરચાના રાષ્ટ્રીય કોષાધ્યક્ષ શ્રી સુરજ કેરો અને અનુ.જાતિ મોરચાના પ્રદેશ પ્રભારી શ્રી અશોક ખટરમલે પોતાની દમણ મુલાકાત દરમિયાન દમણવાડા ગ્રામ પંચાયત, દમણવાડા નંદઘર અને દમણવાડા ગ્રામ પંચાયતની લાઈબ્રેરીની મુલાકાત લીધી હતી.

ભાજપ અનુ.જાતિ મોરચાના રાષ્ટ્રીય કોષાધ્યક્ષ શ્રી સુરજ કેરો અને પ્રદેશ પ્રભારી શ્રી અશોક ખટરમલ નંદઘરની સ્વચ્છતાથી ખુબ જ પ્રભાવિત થયા હતા, અને બાળકો માટેની વિવિધ વ્યવસ્થા નિહાળી તેની પ્રશંસા પણ કરી હતી. દમણવાડા ગ્રામ પંચાયતની લાઈબ્રેરીની પણ મુલાકાત લીધી હતી અને ડીજીટલ માધ્યમથી અભ્યાસ કરી રહેલ એક બાળકી સાથે વાતચીત પણ કરી હતી અને ગ્રામ્ય વિસ્તારમાં સુંદર લાઈબ્રેરી અને ઈ-લાઈબ્રેરીની સુવિધા પુરી પાડવા બદલ સંઘપ્રદેશ પ્રશાસન અને ગ્રામ પંચાયતની સરાહના પણ કરી હતી.

## સેલવાસના ભુરકુંડ ફળિયા સ્થિત સેન્ટ ઝેવિયર્સ સ્કૂલના ધોરણ ૪ના વિદ્યાર્થીના અપહરણનો નિષ્ફળ પ્રયાસ

**નંબર પ્લેટ વગરની બાઈક ઉપર આવેલા હિન્દી ભાષી બે વ્યક્તિ ધમકી આપી રહ્યા હતા ત્યારે સ્કૂલ વાન ચાલકની સતર્કતા અને સઘન પૂછપરછ બાદ બાળક અને બાઈક છોડી ફરાર થયા હતા**

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
સેલવાસ, તા.૨૩

આજે દાદરા નગર હવેલીના સેલવાસના ભુરકુંડ ફળિયા ખાતે આવેલી સેન્ટ ઝેવિયર્સ સ્કૂલના ધોરણ ૪માં અભ્યાસ કરતા એક વિદ્યાર્થીનું નંબર પ્લેટ વગરની

- (વધુ પાના નં.૭ પર)

### ભારતના મહામહિમ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂની ઉપસ્થિતિમાં નવી દિલ્હી ખાતે

## ‘‘ભારતીય આદિમજાતિ સેવક સંઘ’’ રાષ્ટ્રીય સામાજિક સંસ્થા દ્વારા ‘‘ભારતીય આદિમજાતિ સેવક સંઘ’’ની પ્લેટિનમ જ્યુબિલીની કરાયેલી ઉજવણી

**દાદરા નગર હવેલીથી ‘‘ભારતીય આદિવાસી ધોડિયા સમાજ ઉત્કર્ષ સંગઠન’’ના પ્રતિનિધિ ઉજવણી કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા**





(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
સેલવાસ, તા.૨૩

ભારતમાં આદિવાસીઓની ૭૫ વર્ષની સેવાની પ્લેટિનમ જ્યુબિલી ઉજવણી ૨૨ ઓક્ટોબર, ૨૦૨૪ (મંગળવાર)ના રોજ નવી દિલ્હીમાં ‘‘ભારતીય આદિમજાતિ સેવક સંઘ’’ રાષ્ટ્રીય સામાજિક સંસ્થા દ્વારા આયોજિત કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે મહામહિમ રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુજી સાથે યોજાઈ હતી.

- (વધુ પાના નં.૭ પર)

## મનનું વલણ કે ઈચ્છાશક્તિ બહારથી જોઈ શકાતાં નથી, પણ કંઈક મેળવવાનો અને મેળવેલું ટકાવવાનો આધાર ફક્ત માનવીય વલણ પર રહેલો છે




**વા**ત છે અભિગમની.

સિવિલ સર્વિસમાં મેઈન્સની પરીક્ષામાં ટોપર તરીકે ઊભરી આવેલો એક ઉમેદવાર ઈન્ટરવ્યૂ પેનલ સામે રજૂ થયો.

પ્રશ્ન પૂછાયો, ‘તમે શા માટે સિવિલ સર્વિસમાં જોડાવા માંગો છો?’

ઉત્તર સરળ હતોઃ ‘દેશની સેવા માટે!’

‘દેશની સેવા માટે તો તમે સૈનિક, રાજકીય નેતા, સમાજ કાર્યકર કે સંત પણ બની શકો! સિવિલ સર્વિસ શા માટે?’

આ પ્રશ્નને ન્યાય આપતા પેલાં ઉમેદવારે કહ્યું, ‘સૈનિક બનવામાં રિસ્ક - જોખમ છે! જાન પણ ખોવો પડે! રાજકીય નેતા બનવામાં પણ જોખમ. કદાચ ચૂંટણીમાં હારી પણ જવાય! સમાજ કાર્યકર બનવું પણ અઘરું! તેમાં પણ પોતાના પૈસે દિવાળી કરવી પડે. સંત બનવાથી સાંસારિક જીવ છીનવાઈ જાય! જ્યારે સિવિલ સર્વિસમાં એવું કોઈ પણ પ્રકારનું જોખમ નહીં. નિશ્ચિત સેવા કરી શકાય!’

‘નકારાત્મક વલણ ધરાવતો ઉમેદવાર’ એવી ઈન્ટરવ્યૂ પેનલની નોંધ સાથે આ ઉમેદવાર ટૉપર હોવા છતાં સિવિલ સર્વિસમાં પ્રવેશ મેળવી શક્યો નહીં!

હવે વાત કરીએ એક બીજા મુંબઈની વિખ્યાત એન્જિનિયરિંગ કોલેજ વી.જે.ટી.આઈ.ના વૉક-ઈન કેમ્પસ ઈન્ટરવ્યૂની.

રીલાયન્સની પેનલ સમક્ષ ટૉપર એવાં બે ત્રણ વિદ્યાર્થીઓ રજૂ થયાં પણ પ્રશ્નોની અટપટ્ટી માયાજાળમાં તેઓ મૂંઝાઈ ગયા. તેઓ પાસેથી મિત્રના નાતે પ્રશ્નોનો પ્રકાર જાણી ઈલેક્ટ્રીકલ એન્જિનિયરિંગના એક વિદ્યાર્થીએ ઈન્ટરવ્યૂ કક્ષમાં પ્રવેશ કર્યો. પ્રાથમિક માહિતી પૂછાયા પછી એક સીધો પ્રશ્ન પૂછાયો, ‘તમે શા માટે રીલાયન્સમાં જોડાવા માંગો છો?’

અને પેલાં વિદ્યાર્થીએ ઉત્તર રૂપે સામો સવાલ કર્યો, ‘શા માટે રીલાયન્સ નહીં?’ પછી તો જાણે પ્રશ્નોની ઝડી વરસી!

‘રીલાયન્સમાં એવું તે શું છે જે તમને આકર્ષે છે?’

‘રિલાયન્સનું મેનેજમેન્ટ.’

‘રીલાયન્સમાં તમારું સિલેક્શન નહીં થાય તો શું કરશો?’

‘સર, જો રીલાયન્સને વી.જે.ટી.આઈ. જેવી કોલેજમાંથી પણ યોગ્ય ઉમેદવાર ન મળે તો બીજે ક્યાંથી ઉમેદવાર મળશે?’

‘પણ તમને રીલાયન્સમાં નોકરી ન જ મળે તો?’

**સકારાત્મક વલણ જ સફળતાની નિશાની છે, હતાશા હણવાની તેમાં અપ્રતિમ શક્તિ રહેલી છે**

અને એ ઉમેદવારે ઊભાં થતાં થતાં કહ્યું, ‘સર! અમારી પાસે બુદ્ધિ - શક્તિ છે. અમે બીજું રીલાયન્સ ઊભું કરી શકીએ! આભાર.’ ખુમારી ભર્યો ઉત્તર આપી તે યુવાને દરવાજા તરફ મોં ફેરવ્યું. ત્યાં જ તેને અણધાર્યો પ્રતિસાદ મળ્યો, ‘યુ આર સિલેક્ટેડ!’

બાયોડેટા સિવાય અભ્યાસ અંગે બહુ કોઈ પણ પ્રશ્નો પૂછાયા નહીં, પરંતુ તેના સકારાત્મક અભિગમથી જ તેની રીલાયન્સના હજીરા પ્લાન્ટમાં પ્રાથમિક તાલીમ બાદ મેકર્સ ચેમ્બર, મુંબઈ ખાતે એન્જિનિયરિંગ પરચેઝ ડિવિઝનમાં ઓફિસર તરીકે નિમણૂંક થઈ. આ કોઈ કાલ્પનિક વાત નથી. આ વાત છે મુંબઈની મલાડની ગોરસ વાડીની ૧૦×૧૫ની ચાલીમાં રહેતા એક ગરીબ પણ સંસ્કારી નવયુવાનની. નામ છે વાય. કે. જેઠવા - બી. એ. પી. એસ. સ્વામિનારાયણ સંસ્થાના ખમીરવંત યુવાનની.

પછી તો આ યુવાને સિવિલ સર્વિસ જોઈન કરી. આઈ. પી. એસ. બન્યો. ઓરિસ્સા કેડરના આ ઓફિસર આજે રાજ્યના ચીફ વિજિલન્સ ડાયરેક્ટર છે. આજે એન્ટી-કરપ્શન બ્યુરોના હેડ તરીકેની તેમની કામગીરી ખૂબ પ્રસંશા પામી ચૂકી છે. તેમની ડિસ્ટિંગ્યુઝ્ડ સર્વિસ અને મેરિટોરીયસ સર્વિસ માટે તેઓને રાષ્ટ્રપતિ દ્વારા બે એવોર્ડ એનાયત કરવામાં આવ્યા છે! નક્સલવાદીઓ સામેની કામગીરીમાં તેમણે નોંધપાત્ર સફળતા પ્રાપ્ત કરી છે.

હાર્વર્ડ યુનિવર્સિટીનું એક સર્વેક્ષણ જણાવે છે કે, “When a person gets a job, 85% of the time it is because of their attitude and only 15% of the time because of how smart they are and how many facts-figures they know”.

વ્યક્તિ જ્યારે નોકરી મેળવે છે ત્યારે ૮૫% લોકો પોતાના વલણને આધારે તે પ્રાપ્ત કરે છે, માત્ર ૧૫% નોકરીઓ વ્યક્તિ કેટલી આવડતવાળી અને જાણકારી ધરાવનારી છે તેના આધારે મળે છે. ભલે, મનનું વલણ કે ઈચ્છાશક્તિ બહારથી જોઈ શકાતાં નથી, પણ કંઈક મેળવવાનો અને મેળવેલું ટકાવવાનો આધાર ફક્ત માનવીય વલણ પર રહેલો છે.

સકારાત્મક વલણ જ સફળતાની નિશાની છે, હતાશા હણવાની તેમાં અપ્રતિમ શક્તિ રહેલી છે.







## સુવિચાર - સદ્‌વિચાર

જે વ્યક્તિ માત્ર તમારી ખુશી માટે હાર માની લે
એ વ્યક્તિ સામે ક્યારેય જીતી શકાય નહી

## ગુજરાતી શાયરી

### પીયરને પીપળેથી આવ્યું પારેવડું

પીયરને પીપળેથી આવ્યું પારેવડું,
પારેવડાં ને સોના કેરી ચાંચ રે..
પારેવડાં ને કોઇ ના ઉડાડશો..

મૈયરનું ખોરડું ને મૈયરની ગાવડી,

મૈયરની સામે એક નાની તલાવડી,
એવા મારા મૈયરનું આ રે પારેવડું,
એને આવે ના ઉની આંચ રે..
પારેવડાંને કોઇ ના ઉડાડશો..

એ રે પારેવડાંમાં જનક ને જનેતા,
એ રે પારેવડે મારો ભાઇ..
એ રે પારેવડાંમાં નાનકડી બેનડી,
એ રે પારેવડે ભોજાઇ..
પારેવડાંના વેશમાં આજ મારે આંગણે,
મૈયર આવ્યું સાચો-સાચ રે..
પારેવડાં ને કોઇએ ના ઉડાડશો..

એ રે પારેવડે મારા મૈયરનો મોરલો,
એ રે પારેવડે મારા દાદાજીનો ઓટલો,
એ રે પારેવડું મને જોતું રે વ્હાલથી,
એને કરવા દ્યો થનગન થન નાચ રે..
પારેવડાં ને કોઇ ના ઉડાડશો..

પીયરને પીપળેથી આવ્યું પારેવડું,
પારેવડાં ને સોના કેરી ચાંચ રે..
પારેવડાં ને કોઇ ના ઉડાડશો..

- અવિનાશ વ્યાસ

## આજનો દિન વિશેષ

### મહારાજા ભગવતસિંહજીની જન્મજયંતિ

પોતાને રાજા નહીં પરંતુ પ્રજાના ટ્રસ્ટી સમજનાર ગોંડલ નરેશ ભગવતસિંહજીનો જન્મ ૨૪ ઓક્ટોબર, ૧૮૬૫ ની કારતક સુદ પાંચમના રોજ ધોરાજી ખાતે થયો હતો. માતા મોંઘીબા અને પિતા સંગ્રામસિંહ ભાણજી જાડેજાને ત્યાં પુત્રરત્ન પ્રાપ્તિ થતાં આનંદ અપાર હતો. સમય જતાં ભગવતસિંહજીએ નવ વર્ષની ઉંમરે રાજકોટની જાણીતી રાજકુમાર કોલેજમાં પ્રવેશ મેળવ્યો. પછી તો ઘણી ડિગ્રીઓ પરદેશમાં પણ મેળવી હતી. તબીબી ડિગ્રી અને અન્ય ડિગ્રી લેનાર તેઓ એકમાત્ર મહારાજા હતા. પિતાના અવસાન પછી ગોંડલના રાજવી બન્યા. તેમણે એવી દીર્ઘદ્રષ્ટિથી રાજ્ય ચલાવ્યું કે ગોંડલ રાજ્યનો ખૂબ ઝડપથી વિકાસ થયો અને પોતે પ્રજાપ્રિય થઈ પડ્યા. રાજ્યભરમાં લાખો વૃક્ષોનું વાવેતર કરીને પ્રદેશને રળિયામણો કર્યો હતો. પ્રજાને સાક્ષર કરવા વાચનમાળા તૈયાર કરાવી હતી. રાજ્યના એક એક પૈસાની તેમને મન કિંમત હતી. બીજી બાજુ બિહારમાં થયેલ ધરતીકંપ વખતે ભગવતસિંહજીએ એક લાખનો રૂપિયાનો ફાળો આવ્યો હતો. તેમને સૌથી વધુ કીર્તિ અપાવનાર તેમણે તૈયાર કરેલ 'બગવદ ગોમંડલ' નામનો મહાન શબ્દકોશ છે. ૨૬ વર્ષની મહેનતના અંતે ૨૫ ઓગસ્ટ, ૧૯૪૪ ના રોજ ૯૦૨ પાનાનો દળદાર પ્રથમ ભાગ પ્રસિદ્ધ થયેલો. કુલ નવ ભાગથી બનેલા આ કોશમાં ૨,૮૧,૩૭૭ શબ્દો અને ૯૨૭૦ જેટલા પાનાં છે. જ્યાં જરૂર જણાય છે ત્યાં સચિત્ર વર્ણન કરવામાં આવ્યું છે. આ શબ્દકોશની ગાંધીજીએ ખૂબ પ્રશંસા કરી જણાવેલું કે, 'આ ગ્રંથની પ્રસ્તાવના લખવાની મારી શક્તિ નથી.' ૧૮૯૭માં મહારાણી વિક્ટોરિયાની ડાયમંડ જ્યુબિલીમાં કાઠિયાવાડના રાજાઓના પ્રતિનિધિ તરીકે તેઓએ હાજરી આપી હતી અને તેઓને ''જી.સી.આઈ.ઈ.'' નો ઈલકાબ આપવામાં આવ્યો હતો. ૧૯૩૪માં તેમના રાજ્યકાલના પચાસ વર્ષ પૂરા થતાં, પ્રજાએ પોતાના ખર્ચે તેમની સુવર્ણતુલા કરી, સોનું એકઠું કર્યું હતું જે જાહેર કામો માટે વાપરવામાં આવ્યું હતું. આવા પ્રજાવત્સલ મહાન રાજવી ભગવતસિંહજીનું ૯ માર્ચ, ૧૯૪૪ ના રોજ ગોંડલ ખાતે નિધન થયું હતું. તેમના મૃત્યુ પર તેઓએ ૧૧-બંદૂક સલામ સાથે સન્માનિત કરવામાં આવ્યાં હતાં. ભગવતસિંહજીએ ગુજરાતી ભાષાની ઉત્તમ સેવા કરી છે. આને કારણે માત્ર ગોંડલ નહીં, પરંતુ સમગ્ર ગુજરાતી તેમના ઋણી રહેશે.

### વિશ્વ પોલિયો દિવસ

વિશ્વ આરોગ્ય સંગઠન હંમેશા પોલિયો નાબૂદ કરવા માટે પ્રયત્નશીલ છે અને દર વર્ષે આ લક્ષ્યની નજીક આવે છે. ડબલ્યુએચઓએ લોકોને જાગૃત કરવા માટે જે પગલા લીધા છે તે દરેક વ્યક્તિને પોલિયો નાબૂદ કરવામાં મદદ કરી શકે છે. પોલિયો પ્રત્યો જાગૃતિ લાવવા માટે, વિશ્વ પોલિયો દિવસ દર વર્ષે ૨૪ ઓક્ટોબરે વિશ્વભરમાં મનાવવામાં આવે છે. એક સમયે પોલિયો એક ખૂબ જ સામાન્ય ચેપી રોગ તરીકે જાણીતો હતો. જેણે વિશ્વભરના લાખો બાળકોના જીવનમાં વિક્ષેપ પાડ્યો હતો. એક અમેરિકન વાઈરોલોજિસ્ટ જોનાસ સાલ્કના જન્મદિવસની ઉજવણી માટે દર વર્ષે ૨૪ ઓક્ટોબરે વિશ્વ પોલિયો દિવસની ઉજવણી કરવામાં આવે છે. જેમણે વિશ્વની પ્રથમ સલામત અને અસરકારક પોલિયો રસી બનાવવામાં મદદ કરી. ૧૯૫૫ માં ૧૨ એપ્રિલના રોજ ડોક્ટર જોનાસ સાલ્કે પોલિયો નિવારણની દવાને સલામત જાહેર કરી હતી અને વિશ્વ સમક્ષ રજૂ કરી હતી. એક સમયે, આ રોગ આખા વિશ્વ માટે એક મોટો પડકાર હતો અને સાલ્કે માનવજાતને તેની રોક થામ દવાની શોધ કરી આ જીવલેણ રોગ સામે લડવાનું શસ્ત્ર આપ્યું હતું. પરંતુ ૧૯૮૮ માં ગ્લોબલ પોલિઓ નાબૂદી પહેલ (જીપીઈઆઈ) ની સ્થાપના થઈ. આ પહેલ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન, રોટરી ઈન્ટરનેશનલ અને અન્ય લોકો દ્વારા હાથ ધરવામાં આવી હતી. જેઓ વૈશ્વિક સ્તરે પોલિયોને નાબૂદ કરવા સંકલ્પબદ્ધ હતા. પોલિયો, અથવા પોલિઓમિએલિટિસ, એક લંગડતો જીવલેણ રોગ છે. આ રોગ પોલિયો વાયરસથી થાય છે. આ વાયરસ, જે એક વ્યક્તિથી બીજામાં ફેલાય છે, ચેપગ્રસ્ત વ્યક્તિના મગજ અને કરોડરજ્જુ પર હુમલો કરી શકે છે, જેનાથી લકવો થવાની સંભાવના છે. લકવાગ્રસ્ત થવાની સ્થિતિમાં, શરીરને ખસેડી શકાતું નથી અને તે વ્યક્તિ વિકલાંગ, અંગો અથવા કોઈ અન્ય અંગ હોઈ શકે છે. વિશ્વ આરોગ્ય સંસ્થાના પ્રયત્નો અને વિવિધ દેશોની સરકારોના મક્કમતાથી, રસીકરણ અભિયાને વિશ્વને પોલિયોથી બચાવી લીધું હતું. છેલ્લા ૭-૮ વર્ષથી ભારત પોલિયો મુક્ત છે. જો કે, વિશ્વના કેટલાક ભાગોમાં અપંગતાના કેટલાક કિસ્સાઓ જોવા મળે છે.

# ગોદાવરી બાયોરિફાઈનરીઝ લિમિટેડનો આઈપીઓ બંધ થવાની તારીખ શુક્રવાર, ૨૫ ઓક્ટોબર: પ્રાઇઝ બેન્ડ રૂ.૩૩૪થી રૂ.૩૫૨

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
**સુરત, તા.૨૩**

ગોદાવરી બાયોરિફાઈનરીઝ લિમિટેડ ("GBL" or "Company") બુધવાર, ૨૩ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ ઈક્વિટી શેર્સનો તેનો આઈપીઓ ("Offer") ખોલવાની દરખાસ્ત કરે છે ("Bid / Offer Opening Date"). આ ઓફરમાં રૂ.૩,૨૫૦ મિલિયન સુધીના મૂલ્યના ઈક્વિટી શેર્સના જેટલી સંખ્યાનો ફ્રેશ ઈશ્યૂ ("Fresh Issue") તથા ૬૫,૨૬,૯૮૩ સુધીના ઈક્વિટી શેર્સની વેચાણ માટેની ઓફરનો સમાવેશ થાય છે ("Offer for Sale", ફ્રેશ ઈશ્યૂની સાથે મળીને, "Total Offer Size"). ઓફરની પ્રાઈઝ બેન્ડ પ્રતિ ઈક્વિટી શેર રૂ.૩૩૪થી રૂ.૩૫૨ ફિક્સ કરવામાં આવી છે ("Price Band"). બિડ્સ લઘુતમ ૪૨ ઈક્વિટી શેર્સ અને ત્યારબાદ ૪૨ ઈક્વિટી શેર્સના ગુણાંકમાં કરી શકાશે.



કંપની ઈશ્યૂમાંથી મળનારી કુલ રકમનો કંપની દ્વારા મેળવાયેલા કેટલાક બાકીના ઋણની સંપૂર્ણ કે અંશતઃપણે ચૂકવણી કે પૂર્વ-ચૂકવણી જેનું મૂલ્ય અંદાજે રૂ.૨,૪૦૦ મિલિયન જેટલું છે, તેના માટે કરવાની તથા બાકીની રકમ સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે ઉપયોગ કરવાની યોજના ધરાવે છે (સાથે મળીને, "Objects of the Offer").

આ વેચાણ માટેની ઓફરમાં સોમૈયા એજન્સીઝ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા ૫,૦૦,૦૦૦ સુધીના ઈક્વિટી શેર્સ, સમીર શાંતિલાલ સોમૈયા દ્વારા ૫,૦૦,૦૦૦ સુધીના ઈક્વિટી શેર્સ, લક્ષ્મીવાડી માઈન્સ એન્ડ મિનરલ્સ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા ૨,૦૦,૦૦૦ સુધીના ઈક્વિટી શેર્સ, ફિલ્મીડિયા કમ્યૂનિકેશન સિસ્ટમ્સ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા ૩,૦૦,૦૦૦ સુધીના ઈક્વિટી શેર્સ, સોમૈયા પ્રોપર્ટીઝ ઈન્વેસ્ટમેન્ટ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા ૧,૦૦,૦૦૦ સુધીના ઈક્વિટી શેર્સ અને મંડાલા કેપિટલ એજી લિમિટેડ દ્વારા ૪૯,૨૬,૯૮૩ સુધીના ઈક્વિટી શેર્સનો સમાવેશ થાય છે.

ઈક્વિરાસ કેપિટલ પ્રાઈવેટ લિમિટેડ અને એસબીઆઈ કેપિટલ માર્કેટ્સ લિમિટેડ આ ઓફરના બુક રનિંગ લીડ મેનેજર્સ છે.

## 'દાના' ચક્રવાત : ઓરિસ્સા, પં.બંગાળમાં લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવા સૂચના

(સંપૂર્ણ સમાચાર સેવા)
**ભુવનેશ્વર, તા.૨૩**

ઓરિસ્સા અને પશ્ચિમ બંગાળ 'દાના' ચક્રવાત સામે ઝઝૂમવાની તૈયારી કરી રહ્યા છે ત્યારે બંને રાજ્યની સરકારોએ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવાનો નિર્ણય લીધો છે. ઉપરાંત, જોખમી વિસ્તારોમાં શૈક્ષણિક સંસ્થાઓ બંધ રાખવામાં આવશે. ભારતીય તટરક્ષક દળને પણ હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યું છે.

'દાના' ચક્રવાતથી પ્રભાવિત વિસ્તારોમાં ભારે વરસાદની આશંકા છે. હવામાન વિભાગના ડિરેક્ટર જનરલ મૃત્યુંજય મોહાપાત્રએ જણાવ્યું હતું કે, "પુરી અને પશ્ચિમ બંગાળના સમગ્ર પૂર્વ કિનારાને ચક્રવાતની અસર થશે.

બંગાળની ખાડી પરનું ડિપ્રેશન તીવ્ર ચક્રવાતી તોફાનમાં ફેરવાય તેવી શક્યતા છે, જે ૨૫ ઓક્ટોબરે પ્રતિ કલાક ૧૦૦-૧૧૦ કિ.મી.થી ૧૨૦ કિમી. સુધીની ઝડપે પુરી અને સાગર ટાપુ વચ્ચે ઓરિસ્સા-પશ્ચિમ બંગાળના કિનારાને વટાવે તેવી શક્યતા છે. ઓરિસ્સાના મંત્રીએ જણાવ્યું હતું કે, જોખમી વિસ્તારોમાંથી ખસેડવામાં આવનારા લોકો માટે ૮૦૦ આશ્રય સ્થાન તૈયાર કરાયા છે."

ઓરિસ્સાના મંત્રી સુરેશ પુજારીએ જણાવ્યું હતું કે, "અત્યાર સુધીમાં અધિકારીઓએ દ્વારા લોકો માટે ભોજન, પાણી, દવા, વીજળી અને અન્ય જરૂરી ચીજો તૈયાર રાખવામાં આવી છે."

'દાના' ચક્રવાતને પગલે દક્ષિણ પૂર્વ ઝોનમાંથી પસાર થતી ૧૫૦થી વધુ એક્સપ્રેસ અને પેસેન્જર ટ્રેન રદ્દ કરી દેવામાં આવી છે. રેલવે અધિકારીએ મંગળવારે જણાવ્યું હતું કે, રદ્દ કરાયેલી ટ્રેન્સમાં હાવડા-સિકંદરાબાદ ફલકનુમા એક્સપ્રેસ, કામાખ્યા-યશવંતપુર એ.સી. એક્સપ્રેસ, હાવડા-પુરી શતાબ્દી એક્સપ્રેસ, હાવડા-ભુવનેશ્વર શતાબ્દી એક્સપ્રેસ અને હાવડા-યશવંતપુર એક્સપ્રેસનો સમાવેશ થાય છે.

### રાજ્યના કૃષિમંત્રી દ્વારા સહાય પેકેજ જાહેર કરવામાં આવ્યું

# રાજ્યના ખેડૂતો માટે ૧૪૧૯.૬૨ કરોડનું સહાય પેકેજ જાહેર કરાયું

**33 ટકાથી વધુ નુકસાન હશે તેમને નિયમ પ્રમાણે મળશે મદદ : ૨૦ જિલ્લાના ૧૩૬ તાલુકાના ખેડૂતોનો આ રાહત પેકેજમાં સમાવેશ કરવામાં આવ્યો છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**ગાંધીનગર, તા.૨૩**

ગુજરાતમાં છેલ્લા ઘણાં સમયથી કમોસમી વરસાદ વરસી રહ્યો છે અને હાલ ખેડૂતોનો પકવેલો પાક સંપૂર્ણ નાશ પામ્યો છે, ગત વર્ષે પણ આવી જ પરિસ્થિતિનું નિર્માણ થયું હતું. ખેડૂતોને આજીવિકાનો અન્ય કોઈ સ્રોત ન હોવાથી ખેડૂતો આર્થિક રીતે પાયમાલ થયા છે અને દેવાના બોજ તળે દબાયા છે. ત્યારે હવે રાજ્યના કૃષિમંત્રી દ્વારા ખેડૂતો માટે ૧૪૧૯.૬૨ કરોડનું સહાય પેકેજ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં રાજ્ય સરકારના બજેટમાંથી ૩૬૨ કરોડની સહાય આપવામાં આવશે.

ઋષિકેશ પટેલ દ્વારા પ્રેસ કોન્ફરન્સ કરીને ઓગસ્ટમાં વરસેલા વરસાદના કારણે જે ખેડૂતોનો મુખ્ય પાક જેવા કે ડાંગર, સોયાબીન, મગફળી જેવા પાક બગડી જતાં ભારે નુકસાનનો સામનો કરવો પડ્યો, તેવા ખેડૂતો માટે સહાય ૧૪૧૯.૬૨ કરોડનું પેકેજ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં ૨૦ જિલ્લાના ૧૩૬ તાલુકાના ખેડૂતોનો આ રાહત પેકેજમાં સમાવેશ કરવામાં આવ્યો છે. પિયત વિસ્તારમાં હેક્ટર દીઠ ૨૨ હજાર રૂપિયાની સહાય અને બિન પિયત વિસ્તારમાં હેક્ટર દીઠ ૧૧ હજારની સહાય આપવામાં આવશે.

કૃષિમંત્રીના જણાવ્યા અનુસાર, ૬ હજારથી વધુ ગામોના આશરે ૭લાખ ખેડૂતોને આ સહાય પેકેજનો લાભ મળી શકશે. નોંધનીય છે કે, ૮ લાખ હેક્ટર જેટલા વિસ્તારમાં ૩૩ ટકાથી વધુ નુકસાન થયું હોય તેમાં નિયમો હેઠળ સહાય ચુકવવામાં આવશે. આ સહાય પેકેજ ફક્ત ઓગસ્ટ મહિનામાં વરસેલા વરસાદમાં થયેલાં નુકસાન માટે જ જાહેર કરવામાં આવ્યું છે. આ સિવાય પાછોતરા વરસાદને લઈને થયેલાં પાક નુકસાન વિશે પણ સર્વે કરવામાં આવશે. તેમજ તે અંગે પણ ખેડૂતોને સહાય માટે રાજ્ય સરકાર વિચાર કરશે.

કૃષિ મંત્રી રાઘવજી પટેલના જણાવ્યા અનુસાર, રાહત મેળવવા માટે ખેડૂતોએ ડિજિટલ ગુજરાત પોર્ટલ પર ખેડૂતની સાતબાર, બેન્ક એકાઉન્ટની વિગત, અને આધાર નંબર સાથે ખેડૂતોએ અરજી કરવાની રહેશે.

ઓગસ્ટ મહિનામાં થયેલા વરસાદના નુકસાન માટે રાજ્યના અમદાવાદ, રાજકોટ, જૂનાગઢ, સુરત, વડોદરા, પંચમહાલ, નવસારી, સુરેન્દ્રનગર, દ્વારકા, ખેડા, આણંદ, મોરબી, જામનગર, કચ્છ, તાપી, દાહોદ, ડાંગ, ભરૂચ, પાટણ અને છોટા ઉદેપુર જિલ્લાનો સમાવેશ કરવામાં આવ્યો છે. દિવાળી બાદ ખેડૂતોને આ સહાય પહોંચાડવામાં આવશે.

આ સહાયનો ૪ લાખ ૧૯ હજાર જેટલા ખેડૂતોને લાભ મળશે. SDRF સહિત ટોપઅપ રકમની રાજ્ય સરકારે જાહેરાત કરી છે. ઓગસ્ટ માસમાં પડેલા વરસાદથી થયેલ નુકસાનીને રાહત પેકેજની જાહેરાત કરવામાં આવી છે. નોંધનિય છે કે, પાછોતરા વરસાદમાં થયેલ પાક નુકસાનીનો પણ સર્વે કરાશે. તૈયાર પાકો પર પડેલા વરસાદના કારણે થયેલ નુકસાનીનો સર્વે પણ કરવામાં આવશે. જે તાલુકામાં પાછોતરો વરસાદ થયો છે ત્યા ફાઈનલ સર્વે કરવામાં આવશે.

તમને જણાવી દઈએ કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પાછોતરા વરસાદથી નુકસાનનો સર્વે કરવાનો નિર્દેશ આપ્યો છે. તૈયાર પાક પલળી ગયા અથવા ઢળી ગયા હોય તેનો પણ સર્વે કરાશે. તૈયાર પાક પાણીમાં તણાઈ ગયા હોય તો તેનો પણ સર્વે થશે. નોંધનિય છે કે, બિન પિયતમાં પ્રતિ હેક્ટર ૧૧ હજારની સહાય કરવામાં આવશે. પિયત પાકોમાં પ્રતિ હેક્ટર ૨૨ હજારની સહાય કરાશે. પિયત પાકોમાં SDRFના ૧૭ હજાર, રાજ્ય સરકારના ૫ હજાર અપાશે. ચોમાસામાં રાજ્ય સરકારે નુકસાનીનો રિપોર્ટ કેંદ્ર સરકારને સોંપ્યો છે. ખેતી નુકસાન, રોડ-રસ્તા, સિંચાઈના નુકસાનનો રિપોર્ટ કેંદ્રને સોંપવામાં આવ્યો છે.

# SVPI એરપોર્ટ દ્વારા "વન નેશન બિલિયન સેલિબ્રેશન" અભિયાન લોન્ચ






## ઉત્સવોની ઉજવણી અને શોપીંગ સાથે ઈનામો જીતવાની તક!

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
**અમદાવાદ, તા.૨૩**

વૈશ્વિકસ્તરે વૈવિધ્યસભર અદાણી ગ્રુપની ફ્લેગશિપ કંપની અદાણી એન્ટરપ્રાઈઝીસની પેટાકંપની અદાણી એરપોર્ટ હોલ્ડિંગ્સ લિમિટેડ (AAHL) સંચાલિત સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટે (SVPIA) વન નેશન બિલિયન સેલિબ્રેશન અભિયાન લોન્ચ કર્યું છે. જેનો હેતુ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓને વાર્ષિક ઉત્સવમાં ખરીદીનો આહલાદક આનંદ આપવાનો છે.

આ કાર્યક્રમ અંતર્ગત ૧૫મી ઑક્ટોબર, ૨૦૨૪ થી ૧૦મી જાન્યુઆરી, ૨૦૨૫ સુધી તેમાં ONBC પ્રાદેશિક ઉત્સવની ઉજવણી કરવામાં આવશે. જેમાં વિવિધ વિષયોને સાંકળતી પેસેન્જર એંગેજમેન્ટ એક્ટિવીટીઝ અને આકર્ષક હરીફાઈઓમાં ભાગ લઈ મુસાફરો ગેરંટેડ ગીફ્ટ્સ જીતી શકે છે.

અભિયાન દરમિયાન SVPIA મારફત મુસાફરી કરતા યાત્રીકો ભારતના વૈવિધ્યસભર સાંસ્કૃતિક લેન્ડસ્કેપ માણવાનો લાભ લઈ શકશે. દિવાળી, ક્રિસમસ અને નવા વર્ષ જેવા તહેવારોનો આનંદ માણી શકશે. હાલમાં, એરપોર્ટને દિવાળી માટે અંધકાર પર પ્રકાશની જીત દર્શાવતા મનમોહક સજાવટથી શણગારવામાં આવ્યું છે.

વન નેશન બિલિયન સેલિબ્રેશન દરમિયાન વિવિધ સ્પર્ધાઓ મુસાફરોને આકર્ષક ઈનામો જીતવાની તક અપાશે જેમાં આંતરરાષ્ટ્રીય ટ્રિપ્સ, રોયલ એનફિલ્ડ બાઈક, ક્રોમા વાઉચર્સ, કોક અને રાઈન વેલી ચોકલેટ વગેરેનો સમાવેશ થાય છે. એટલું જ નહીં, SVPIA ખાતે રિટેલ આઉટલેટ્સ પર ખરીદી કરતા મુસાફરોને આકર્ષક ભેટ પણ આપવામાં આવશે.

પ્રવાસીઓને વન નેશન બિલિયન સેલિબ્રેશન્સમાં ભાગ લઈને ૮૦ થી વધુ બ્રાન્ડ્સ અને ૧૦૦ થી વધુ વિશિષ્ટ રીતે ક્યુરેટેડ બ્રાન્ડ પ્રમોશન સાથે તેમના અનુભવને ઉન્નત કરવા SVPIA દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવે છે.

## એસએમપીપી લિમિટેડે રૂ.૪૦૦૦ કરોડ સુધીના આઈપીઓ માટે સેબી સાથે ડીઆરએચપી ફાઈલ કર્યું

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
**સુરત, તા.૨૩**

ભારતીય ડિઝાઈનર તથા દારૂગોળાના ઘટકો, પર્સનલ પ્રોટેક્શન પ્રોડક્ટ્સ તેમજ જમીન, હવા અને દરિયાઈ પ્લેટફોર્મ્સ માટે પ્રોટેક્શન કિટ સહિત સંરક્ષણ સાધનોના ઉત્પાદક એસએમપીપીએ બજાર નિયામક સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (''સેબી'') સાથે તેનું ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ (''ડીઆરએચપી'') ફાઈલ કર્યું છે. કંપની રૂ.૪૦૦૦૦ મિલિયન (રૂ.૪૦૦૦ કરોડ) સુધીના પ્રારંભિક જાહેર ભરણા દ્વારા ઈક્વિટી શેર્સ (પ્રતિ શેર રૂ.૨ મૂળ કિંમત) ઓફર કરીને ભંડોળ એકત્ર કરવાની યોજના ધરાવે છે.

આ ઓફરમાં રૂ.૫૮૦૦ મિલિયન (રૂ.૫૮૦ કરોડ) સુધીના ઈક્વિટી શેર્સના ફ્રેશ ઈશ્યૂ (''ફ્રેશ ઈશ્યૂ'') અને રૂ.૩૪૨૦૦ મિલિયન (રૂ.૩૪૨૦ કરોડ) સુધીના સેલિંગ શેરહોલ્ડર્સ દ્વારા ઓફર ફોર સેલ (''ઓફર ફોર સેલ'') સામેલ.

રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ દ્વારા ઓફર થનારા ઈક્વિટી શેર્સ બીએસઈ લિમિટેડ (''બીએસઈ'') અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ (''એનએસઈ'') ઉપર લિસ્ટ થવાની દરખાસ્ત છે. (''લિસ્ટિંગ વિગતો'').

એક્સિસ કેપિટલ લિમિટેડ, આઈસીઆઈસીઆઈ સિક્યુરિટીઝ લિમિટેડ, આઈઆઈએફએલ સિક્યુરિટીઝ લિમિટેડ, જેએમ ફાઈનાન્સિયલ લિમિટેડ અને મોતિલાલ ઓસ્વાલ ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર્સ લિમિટેડ ઈશ્યૂના બુક રનિંગ લીડ મેનેજર્સ છે. (''બીઆરએલએમ'').

# સુપ્રીમ કોર્ટે દારૂ અંગે ૩૪ વર્ષ જૂનો આદેશ પલટ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૨૩**

દારૂ અંગે સુપ્રીમ કોર્ટે તેનો ૩૪ વર્ષ જૂનો ચુકાદો પલટી નાખ્યો છે. આ આદેશ કેન્દ્ર સરકાર માટે એક મોટો ઝટકો માનવામાં આવી રહ્યો છે. માહિતી અનુસાર સુપ્રીમ કોર્ટે ૮:૧ ની બહુમતી સાથે ૩૪ વર્ષ જૂના ચુકાદાને બદલી નાખતાં આદેશ આપ્યો છે કે, રાજ્ય સરકાર પાસે જ ઈન્ડસ્ટ્રીયલ આલ્કોહોલના નિર્માણ, ઉત્પાદન અને સપ્લાય પર નિયામક અધિકારો છે.

ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા ચંદ્રચૂડની અધ્યક્ષતા હેઠળ નવ જજની બેન્ચે સમર્થન આપ્યું છે કે, રાજ્યો આ પ્રકારના આલ્કોહોલમાંથી મોટાપાયે આવક મેળવી રહી છે. તેઓ જ ઈન્ડસ્ટ્રીયલ આલ્કોહોલ સહિત તમામ પ્રકારના દારૂ અને તેના રો મટિરિયલ પર ટેક્સ કંટ્રોલ અને અન્ય નિયંત્રણો લાદવાનો હક છે. માત્ર અમુક ચોક્કસ ઈન્ડસ્ટ્રી પર જ કેન્દ્ર હક દર્શાવી શકશે.

સુપ્રીમ કોર્ટના આદેશમાં ઈન્ડસ્ટ્રીયલ આલ્કોહોલને બંધારણની ૧૧મી યાદીની ૮મી એન્ટ્રી અંતર્ગત બિનઝેરી દારૂની કેટેગરીમાં વ્યાખ્યાયિત કરવામાં આવ્યો છે. જેથી તેના ઉત્પાદન, ટેક્સ અને નિયંત્રણોનો અધિકાર રાજ્યોને આપવા મંજૂરી અપાઈ છે. સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે, રાજ્યો પાસેથી ઈન્ડસ્ટ્રીયલ આલ્કોહોલ પર કાયદો ઘડવાની સત્તા છીનવી શકાય નહીં.

નવ જજોની બેન્ચમાંથી એક જસ્ટિસ બીવી નાગરત્નાએ આ મામલે અસહમતિ દર્શાવી હતી કે, સંસદને ઈન્ડસ્ટ્રીયલ આલ્કોહોલનું નિયમન કરવાની સત્તા આપવામાં આવે, જ્યારે રાજ્યોને ઝેરી દારૂ અને પોટેબલ આલ્કોહોલ પર નિયંત્રણો આપવા જોઈએ.

૩૪ વર્ષ પહેલાં સાત જજોની બંધારણીય બેન્ચે આ કેસમાં ઈન્ડસ્ટ્રીયલ આલ્કોહોલના ઉત્પાદન અને નિયમનની સત્તા કેન્દ્રને સોંપવા સહમતી દર્શાવી હતી.

આ ચુકાદાને બદલી દેતાં કોર્ટની નવી બેન્ચે સ્પષ્ટતા કરી હતી કે, ઈન્ડસ્ટ્રીયલ આલ્કોહોલ પીવા માટે વપરાતો નથી. તેથી તેને બંધારણ મુજબ બિનઝેરી દારૂ કેટેગરીમાં વર્ગીકૃત કરવો જોઈએ.




# વાપી દમણગંગા નદીનો કિનારો અત્યંત પ્રદૂષિત : ગણેશ મહોત્સવમાં સફાઈ અભિયાનની વાહવાહી પોકળ સાબિત થઈ

**કિનારો પ્લાસ્ટીક, પૂજાના સામાનના ખડકલાથી લદાઈ રહ્યો છે : વહીવટી તંત્ર આ તરફ નજર નાખશે?**





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૩**

વાપીના ઔદ્યોગિક વિકાસની જીવાદોરી સમાન દમણગંગા નદી આજે ગંભીર પ્રદૂષણનો સામનો કરી રહી છે. નદી કિનારે પ્લાસ્ટીક પૂજાની સામગ્રી અને અન્ય કચરાથી નદીનું પાણી પ્રદૂષિત થઈ રહ્યો છે. ગણેશ મહોત્સવ દરમિયાન તંત્ર દ્વારા વેસ્ટમાંથી બેસ્ટનું અભિયાનના તાગડધિન્ના કરવામાં આવ્યા. પણ આજે તંત્ર ફરી દમણગંગા નદી તરફ નજર નાખવાનું ચૂકી રહ્યું છે.

દમણગંગા નદીને લોકો માતા માને છે. પરંતુ રાજકપૂરની ફિલ્મ રામ તેરી ગંગા મેલી જેવા બેહાલ દમણગંગા નદીના પ્રદૂષણથી થઈ રહ્યા છે. બ્રિજ પરથી ફેંકાતો પૂજાપાનો સામાન, મંદિરનો કચરો, પૂજાના ફુલનો કચરો, પ્લાસ્ટીક થેલીએ જ્યાં ત્યાં એકઠી થયેલી પડી છે. કેટલાક પર્યાવરણ નિષ્ણાંતો પ્લાસ્ટીક થેલીઓને લોખંડની રેલીંગ સાથે બાંધીને જાણે પર્યાવરનું રક્ષણ કરતા હોય તેવો સિનારીયા બની ચૂક્યો છે જે દમણગંગા નદીનો કિનારો પ્રદૂષિત થવાની સાથે ઉકરડો બની ગયો છે. જેથી આવા કચરા થકી નદીનું પાણી પ્રદૂષિત થઈ રહ્યું છે. સરકારી તંત્રની નબળી કામગીરી પ્લસ કડક કાયદાના અભાવે લોકો મનમાની કરી રહ્યા છે. આના ઉકેલ માટે શાળા, કોલેજોમાં જાગૃતિ અભિયાન પણ ચલાવાની જરૂર છે. સ્વયં સેવકો દ્વારા નિયમિત સફાઈ કાર્યક્રમો યોજાવા જોઈએ તેમજ સરકારે સ્વચ્છતા માટે નાણા પણ ફાળવવા જોઈએ.

# વાપી દેસાઈવાડ નામધા રોડ ઉપર મોબાઈલ શોપ શટરના તાળા તૂટ્યા : ઘટના સીસીટીવીમાં કેદ

**ગણેશ મોબાઈલ સ્ટોર્સની ઘટના : જો કે તસ્કરોનો પ્રયાસ નિષ્ફળ રહ્યો**



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૩**

વાપી દેસાઈવાડ નામધા રોડ ઉપર કાર્યરત એક મોબાઈલ શોપના મંગળવારે રાત્રે શટરની તાળા તસ્કરોએ તોડ્યા હતા પરંતુ ચોરીનો પ્રયાસ નિષ્ફળ રહ્યો હતો. મોબાઈલ શોપને કંઈ નુકશાન પહોંચાડી શક્યા નહોતા.

વાપી નામધા રોડ દેસાઈવાડ સ્થિત કાર્યરત ગણેશ મોબાઈલ સ્ટોર્સના સંચાલક સિકંદર જયશ્વાલ ઉપર રાત્રે ફોન આવ્યો હતો કે તમારી દુકાનના શટરના તાળા તૂટેલા છે. તેથી સંચાલક તુરંત દુકાને દોડી ગયા હતા. દુકાનના તાળા તૂટેલા હતા તેથી ટાઉન પોલીસમાં ઘટનાની જાણ કરી હતી. તુરંત પોલીસ ઘટના સ્થળે ધસી ગઈ હતી. સીસીટીવીની તપાસ હાથ ધરી હતી. જેમાં બે ઈસમો દુકાન આસપાસ ફરતા જોવા મળ્યા હતા. પોલીસે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. દુકાન સંચાલકો જણાવ્યું હતું કે, પોલીસ સ્ટેશનથી માત્ર ૧૦૦ મીટરના અંતરે દુકાન હોવા છતાં ચોરીનો પ્રયાસ થયો છે. જો કે ચોરટા કશુ ચોરી શક્યા નથી. કોઈ નુકશાન થયું નથી પરંતુ રાત્રી પેટ્રોલીંગ વધારવાની જરૂરીયાત હોવાનું વેપારીએ જણાવ્યું હતું. ચોમાસાની ઋતુમાં તસ્કરો વધુ સક્રિય રહે છે. અને નાની મોટી ચોરીને અંજામ ખાસ આપતા હોય છે.

# સરીગામની કોરોમંડલ કંપનીએ પાલિ કરમબેલીની પ્રયોગશાળામાં ઉપકરણોની કરેલી મદદ

**શાળાના સંચાલકો તેમજ કોરોમંડલ કંપનીના સીએસઆર ફંડનું સંચાલન કરતા સ્ટાફની હાજરીમાં ધારાસભ્ય રમણભાઈ પાટકરના હસ્તે પ્રયોગશાળાનું કરેલું ઉદ્‌ઘાટન**




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સરીગામ, તા.૨૩**

સરીગામ જીઆઈડીસીમાં કાર્યરત કોરોમંડલ ઈન્ટરનેશનલ લિમિટેડ કંપનીએ એમની કોર્પોરેટ સોસિયલ રિસ્પોન્સિબિલિટી કામગીરી અંતર્ગત વધુ એક નોંધપાત્ર કામગીરી કરવામાં આવી છે. આજરોજ ઉમરગામ તાલુકાના ધારાસભ્યશ્રી રમણભાઈ પાટકરના હસ્તે પાલિ કરમબેલીની શાળામાં કોરોમંડલ કંપનીએ પ્રયોગશાળાના આધુનિક ઉપકરણોની સાથે નિર્માણ કરેલી લેબોરેટરીનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ધારાસભ્ય શ્રી રમણભાઈ પાટકરે કંપની દ્વારા સીએસઆર અંતર્ગત શિક્ષણ લક્ષી અને હોશિયાર વિદ્યાર્થીઓને આર્થિક મદદ કરી પ્રોત્સાહિત કરવાની કામગીરીની પ્રશંસા કરી હતી. ધારાસભ્ય શ્રી રમણભાઈ પાટકર કંપની દ્વારા આ અગાઉ ભીલાડની સાયન્સ કોલેજમાં સાયન્સ ટુલ વસાવા માટે કરેલી મદદને યાદ કરી કંપનીની કામગીરીને બિરદાવામાં આવી હતી. પ્રારંભ કરેલી પ્રયોગશાળામાં ૧૭૫ જેટલા વિજ્ઞાનને લગતા આધુનિક સાધનો ઉપલબ્ધ કરવામાં આવ્યા છે. જેમાં ૨૪ જેટલા બાયોલોજીના સાધનો, ૧૦૨ કેમિસ્ટ્રી સાધનો અને ૪૩ ફિઝિક્સ ઉપકરણોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત અભ્યાસ માટે ઉપયોગમાં આવતા ફર્નિચરો પણ ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે.

આ કાર્યક્રમમાં ધારાસભ્ય શ્રી રમણભાઈ પાટકર, શ્રી હિતેશભાઈ પટેલ, શ્રી અરુણ લેસ્લી જૉર્જ, પ્રેસિડેન્ટ અને સીએચઆરઓ શ્રી પંકજભાઈ તળેગાંવકર, કંપનીના યૂનિટ હેડશ્રી અશોકભાઈ પાવર, કંપનીના પ્રોડક્શન હેડશ્રી નીલમસિંહ સોલંકી, એન્જિનિયરિંગ હેડશ્રી મિથિલેશ ઝા, એચ આર સિનિયર મેનેજરશ્રી નરેશભાઈ પટેલ, એચ આર મેનેજરશ્રી બ્રિજેશભાઈ પંચાલ, સી એસ આર શ્રીમતી વૈશાલીબેન મૌર્ય અને શ્રીમતી ઝીલબેન રાઠોડ, તેમજ શાળાના શિક્ષકગણ અને આઈપી ઓઝા ટ્રસ્ટના પ્રતિનિધિઓ વગેરેની ઉપસ્થિતિ જોવા મળી હતી.

## વાપી મામલતદાર કચેરીમાં સ્વાગત કાર્યક્રમ યોજાયો

# પાલિકાના પાથરણા વાળાનો મુદ્દો ગાજ્યો અને નિરાકરણ કરાયું

**પાથરણા વાળાઓને દિવાળી સુધી ખસેડાશે નહીં: યુવા કોંગ્રેસ પ્રમુખ વરૂણસિંહએ પાથરણાવાળા માટેની લેખિત રજૂઆત કરી હતી**



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૩**

વાપી મામલતદાર કચેરીમાં આજે બુધવારે ગ્રામ્ય મામલતદાર અને સિટી ડેપ્યુટી મામલતદારની અધ્યક્ષતામાં તાલુકા સ્વાગત કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ફરિયાદોનું નિરાકરણ કરાયું હતું. વાપી પાલિકા બજાર વિસ્તારમાં પાથરણા વાળા પાસે બિન અધિકૃત સફાઈકર્મી ઉઘરાણું ચલાવી રહ્યાનો મુદ્દો ગાજ્યો હતો. જેનું નિરાકરણ કરવામાં આવ્યું હતું.

વાપી યુથ કોંગ્રેસના પ્રમુખ વરૂણસિંહ ઠાકુર દ્વારા સ્વાગત કાર્યક્રમમાં લેખિત રજૂઆત પાથરણાવાળાઓ માટે કરી હતી તે મુજબ બિન અધિકારી સફાઈ કર્મી દંડ ઉઘરાવતા હતા. આ મુદ્દે ગ્રામ્ય મામલતદારે જણાવ્યું હતું કે, દિવાળી તહેવાર પુરતા લારી પાથરણા વાળાને બેસવા દેવામાં આવે તેમજ તેજ દંડ માત્ર સરકારી અધિકારી જ વસુલી શકે તેવો આદેશ આપ્યો હતો તેમજ બજારમાં દુકાની બહાર નગરપાલિકાની જગ્યામાં જે મંડપ લગાવાયા છે તેની તપાસ કરી દંડ વસુલી હટાવાની સ્વાગત કાર્યક્રમમાં તાકીદ કરાઈ હતી.

# બીલીમોરાની માનસિક અસ્થિર મહિલા વલસાડ આવી પહોંચતા સખી વન સ્ટોપ સેન્ટરે પરિવાર સાથે મિલન કરાવ્યું

**અજાણી મહિલા ક્યારેક પોતાનું નામ કિયા તો ક્યારેક આરૂષી બતાવી રહી હોવાથી મૂંઝવણ વધી હતી**



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૩**

વલસાડ જિલ્લાની ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન દ્વારા તા.૧૩/૧૦/૨૦૨૪ના રોજ સાંજે ૪:૫૦ કલાકે વલસાડ રેલવે સ્ટેશન પરથી એક અજાણી મહિલાને સખી વન સ્ટોપ સેન્ટર ખાતે આશ્રય માટે લાવવામાં આવી હતી. જેથી હંગામી ધોરણે આશ્રય આપી જીવન જરૂરીયાતની ચીજ-વસ્તુઓ આપવામાં આવી હતી. અજાણી મહિલાનું કાઉન્સેલીંગ કરતા ઘડીકમાં પોતાનું નામ કિયા તો ઘડીકમાં આરૂષી બતાવી રહી હતી. માનસિક સ્થિતી સારી ન હોવાથી કોઈ માહિતી ચોક્કસ રીતે આપી રહી ન હતી.

સખી વન સ્ટોપ સેન્ટરના કાઉન્સેલર દ્વારા તા.૧૪/૧૦/૨૦૨૪ના રોજ આશ્રિત મહિલાનું ફરી કાઉન્સેલીંગ કરાતા તેણીએ બીલીમોરા સોમનાથ રેલ્વે કોલોનીના રહેવાસી હોવાનું જણાવ્યું હતું. જે ટ્રેનમાં બેસીને વલસાડ આવી પહોંચી હતી. માતા કૌશલ્યાબેન સોમનાથ મંદિરના બગીચામાં કામ કરે છે. મૂળ ઓરિસ્સાના વતની છે. જેથી વધુ તપાસ માટે સખી વન સ્ટોપ સેન્ટરના કાઉન્સેલર દ્વારા બીલીમોરા રેલ્વે પોલીસ સ્ટેશનનો સંપર્ક કરી મહિલા વિશે જાણકારી આપી મહિલાનો ફોટો પણ મોકલ્યો હતો. રેલવે પોલીસે તપાસ કરી જણાવ્યું કે, આ મહિલા બીલીમોરાની રેલ્વે કોલોનીમાં રહેતી આવી છે. તેમના પિતાનો ટેલિફોનિક નંબર પણ આપતા સખી વન સ્ટોપ સેન્ટરના કર્મચારી દ્વારા સંપર્ક કરતા તેમણે જણાવ્યું કે, આશ્રિત મહિલા તેમની દીકરી ટીનુ (નામ બદલ્યુ છે) છે. દીકરીની માનસિક સ્થિતિ સારી નથી તેથી ઘરેથી નીકળી જાય છે. સેન્ટરના કર્મચારી દ્વારા તેમના પિતાને વલસાડ સેન્ટર ખાતે બોલાવવામાં આવ્યા હતા જેથી માતા પિતા વલસાડ આવી પહોંચતા સખી વન સ્ટોપ સેન્ટરે દીકરીનું માતા પિતા સાથે મિલન કરાવતા તેઓએ રાજ્ય સરકારની સખી વન સ્ટોપ સેન્ટરની સેવાનો આભાર માન્યો હતો.

# વલસાડ એસટી વિભાગ દ્વારા દિવાળીના તહેવારો દરમ્યાન ગ્રૂપ બુકિંગ હેઠળ એક્સ્ટ્રા બસોનું સંચાલન કરાશે

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૩**

આગામી દિવાળીના તહેવારો દરમિયાન એસ. ટી. નિગમ વલસાડ વિભાગ દ્વારા મુસાફર જાહેર જનતાને પોતાના વતનમાં જવા માટે વિશેષ બસની સુવિધાનું આયોજન કરવામાં આવ્યું છે. મુસાફરો સરળ, સલામત અને સુરક્ષિત યાત્રા માણી શકે તે માટે એસટી તંત્ર કટિબધ્ધ છે. તા.૨૪/૧૦/૨૦૨૪ થી તા.૦૯/૧૧/૨૦૨૪ દરમિયાન આ ખાસ વધારાની બસો મુસાફર જનતાની સુવિધા અને વધારાના ટ્રાફિકના ધસારાને ધ્યાને લઈ વિશેષ સગવડ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

આ તમામ બસો ખાસ સ્પેશિયલ એક્સ્ટ્રાના ધોરણે ગ્રૂપ બુકિંગના માધ્યમથી અમદાવાદ અને પંચમહાલના વિસ્તારના ગામો તથા રાજ્યના અન્ય સ્થળો માટે પણ ચલાવવામાં આવશે, સાથો સાથ આજ રીતે ગ્રૂપ બુકિંગ હેઠળ આખા વર્ષ દરમ્યાન પણ આપના દ્વારેથી ગુજરાત રાજ્યની હદ વિસ્તાર માટે લાભ મેળવી શકાશે.

આ સમયગાળા દરમિયાન ગ્રૂપ બુકિંગથી આખી બસનું ૫૧ સીટનું બુકિંગ કર્યેથી આપના રહેણાંક વિસ્તારથી એટલે કે વલસાડ, નવસારી અને ડાંગના જે સ્થળેથી માંગણી થયેથી આપના વતનના ગામના પાદર સુધી ગુજરાત રાજ્યની હદમાં આ બસોની સુવિધા આપવામાં આવશે. આ બસોનું બુકિંગ કરાવવા માટે એસટી વલસાડ વિભાગના વલસાડ, નવસારી, બીલીમોરા, વાપી, આહવા અને ધરમપુર ડેપો ખાતે ડેપો મેનેજરનો રૂબરૂ સંપર્ક કરી ગ્રૂપ બુકિંગ કરાવી શકાશે, ઉપરાંત એસ.ટી.માન્ય બુકિંગ એજન્ટો, GSRTC Official Ticket Boking App, મોબાઈલ એપ તથા નિગમની વેબસાઈટ www.gsrtc.in ઉપરથી ઓનલાઈન રેગ્યુલર ટિકિટનું બુકિંગ પણ કરાવી શકાશે.

# વાપી ડુંગરા પોલીસનો પાંચ વર્ષથી કાર ચોરીઓનો વોન્ટેડ આરોપી અમદાવાદથી ઝડપાયો



**મુળ જુનાગઢનો આરોપી ૧૫ કારોના બનાવટી ડોક્યુમેન્ટ બનાવી કાર મેળામાં વેચાણ કરતો હતો**

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**

**વાપી, તા.૨૩:** વાપી ડુંગરા પોલીસનો પાંચ વર્ષથી કાર ચોરીઓનો વોન્ટેડ આરોપીને વલસાડ એસ.ઓ.જી.એ અમદાવાદથી ઝડપી પાડ્યો. ૧૫ જેટલી કારોના બનાવટી ડોક્યુમેન્ટ બનાવી જુનાગઢનો આ આરોપી કાર મેળામાં ચોરીની કારો વેચાણ કરતો હતો.

મુંબઈમાં તૌફીક અબીલ મુલ્લાખાનની મદદ લઈ કારની ચોરી કરીને કન્સલ કારનો ચેસીસ નંબર અને બનાવટી ડોસ્યુમેન્ટ બનાવી આરોપી કાર મેળામાં વેચાણ કરતો હતો. છેલ્લા પાંચ વર્ષમાં આરોપીએ ૧૫ જેટલી કારોના બનાવટી ડોક્યુમેન્ટ બનાવી વેચાણ કરી હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. વલસાડ એસઓજીએ અમદાવાદથી આબાદ રીતે આરોપીને ઝડપી પાડી ડુંગરા પોલીસને સોંપ્યો હતો.

# વાપીના મોરાઈથી ૧૬ વર્ષીય સગીરા લક્ષ્મી સોની ગુમ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૩**



વાપીના મોરાઈ ગામે ડુંગર ફળિયામાં આવેલા બાલાજી એપાર્ટમેન્ટના ફલેટ નં.૪૧૦માં રહેતા ૩૬ વર્ષીય સંગીતાબેન મહેશ ભેરવપ્રસાદ સોની (મૂળ રહે.ગામ-પોસ્ટ મજગાવાન આનંદ બસ્તી, થાના,. મજગાવાન, જિ.રઘુરાજનગર, સતના, મધ્યપ્રદેશ)ની ૧૬ વર્ષીય દીકરી લક્ષ્મી મહેશભાઈ સોની તા.૧૬ ઓક્ટોબર ૨૦૨૪ના રોજ સાંજે ૪-૩૦ કલાકે કોઈને કહ્યા વિના ક્યાંક ચાલી ગઈ હતી અથવા કોઈ અજાણ્યો ઈસમ કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી ગયો હતો. જેની શોધખોળ કરવા છતાં કોઈ પત્તો ન લાગતા માતા સંગીતાબેને વાપી ટાઉન પોલીસ મથકે જાણ કરી હતી. ઘરેથી નીકળતા વેળા ગુલાબી કલરની કુર્તિ, સફેદ ડિઝાઈનવાળી ગુલાબી કલરની લેગીજ અને સફેદ કલરની ઓઢણી ઓઢી હતી. જે હિન્દી ભાષા જાણે છે. શરીરે મધ્યમ બાંધો, ઘઉં વર્ણ અને પાંચ ફૂટ બે ઈંચ ઉંચાઈ ધરાવે છે. જે કોઈને પણ તેણીની ભાળ મળે તો વાપી ટાઉન પોલીસ મથકે જાણ કરવા અખબારી યાદીમાં જણાવાયું છે.

# વલસાડ અતુલ પાવર હાઉસ નજીક સુરત લઈ જવાતો રૂા.૪.૨૩ લાખનો દારૂનો જથ્થો પોલીસે ઝડપી પાડ્યો

**ટેમ્પો અને દારૂના જથ્થા સાથે રૂા.૧૨.૮૩ લાખનો મુદ્દામાલ જપ્ત : ચાલક-ક્લિનરની અટક**



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૩**

દિવાળી વેકેશન અને તહેવારો નજીકમાં આવતા હોવાથી બુટલેગરો દ્વારા ગેરકાયદે ગુજરાતમાં દારૂ ઘુસાડવાની હરકતો વધી રહી છે તેવો પ્રતિત કરાવતો બનાવ અતુલ પાવર હાઉસ પાસે બન્યો છે. રૂરલ પોલીસે પ્લાસ્ટીકની આડમાં રૂા.૪.૨૩ લાખનો દારૂનો જથ્થો ભરેલો ટેમ્પો ઝડપી પાડ્યો હતો.

વલસાડ રૂરલ પોલીસને મળેલી ચોક્કસ બાતમી અનુસારે અતુલ હાઈવે પાવર હાઉસ પાસે વાહન ચેકીંગ કામગીરી હાથ ધરી હતી તે દરમિયાન બાતમી વાળો ટેમ્પો નં.એમએચ ૦૩ સીપી ૨૭૯૭ આવતા ચેકીંગ કરવામાં આવ્યું હતું પરંતુ ટેમ્પામાં દારૂનો જથ્થો દેખાયો નહિ. પ્લાસ્ટીક સીટોનો જથ્થો ભરેલો જોવા મળ્યો હતો પરંતુ બાતમી પાકી હોવાથી ટેમ્પાની અંદર ચેકીંગ કરતા પોલીસને રૂા.૪,૨૩,૬૦૦ નો દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે દારૂનો જથ્થો, પ્લાસ્ટીક તથા ટેમ્પો, મોબાઈલ મળી કુલ રૂા.૧૨,૮૩,૫૦૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરીને ડ્રાઈવર-ક્લિનરની અટક કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

વર્તમાન પ્રવાહ

## તંત્રી લેખ

# ચીન સાથેની સરહદ પર તણાવ ઘટવાના સંકેત સુખદ અને આવકારદાયક છે પરંતુ

# ચીને ભૂતકાળમાં વારંવાર કરેલા વિશ્વાસઘાત બાદ તેના પર વિશ્વાસ મૂકવાનું કામ મુશ્કેલ છે



**સીમા વિવાદના ઉકેલ માટે સેના સ્તર પર વીસથી પણ વધુ મંત્રણાઓ અગાઉ થઈ ચૂકી છે, પણ ચીનની હઠને કારણે તેમાં કોઈ નક્કર ચર્ચા કે દિશા મળતી નહોતી, ત્યારે સમજૂતીની આ સ્થિતિ અચાનક કેવી રીતે બની?**


**ભાર**ત અને ચીન પૂર્વ લદ્દાખમાં વાસ્તવિક નિયંત્રણ રેખા એટલે કે એલ.ઓ.સી. પરનાં વિવાદિત સ્થળોએ પેટ્રોલિંગ કરવા સંમત થાય છે. સંમતિનાં પગલે બન્ને દેશની સેનાઓ પાછી ખેંચવાની શરૂઆત કરશે. ૨૦૨૦માં ઊભા થયેલા સીમા વિવાદના ઉકેલની દિશામાં આ મહત્ત્વનું પગલું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, જૂન ૨૦૨૦માં ગલવાન ખીણમાં ભારત-ચીન સેના વચ્ચેની હિંસક અથડામણને કારણે સંબંધોમાં કડવાશની શરૂઆત થઈ હતી, જે સતત વધી હતી. પ્રારંભિક તબક્કામાં ચીને દબાણ વધારવાના પ્રયાસ કર્યા, પણ ભારતે સહેજ પણ મચક નહોતી આપી. ચીન સાથેની સરહદ પર તણાવ ઘટવાના સંકેત સુખદ અને આવકારદાયક છે. છતાં ચીન પર વધુ ભરોસો કરવો પણ જોખમી બની શકે છે. ચીન સરહદ પર ખૂબ શક્તિશાળી માળખું બનાવી ચૂક્યું છે અને ભારતે પણ પોતાની સંવેદનશીલ સીમાઓ પર મૂળભૂત સુવિધાઓનો વિકાસ કર્યો છે. આ બાબતને પગલે ચીનને વિચારવાની ફરજ પડી હોય તો આશ્ચર્ય નથી. એ તો સર્વવિદિત છે કે, સીમા વિવાદના ઉકેલ માટે સેના સ્તર પર વીસથી પણ વધુ મંત્રણાઓ અગાઉ થઈ ચૂકી છે, પણ ચીનની હઠને કારણે તેમાં કોઈ નક્કર ચર્ચા કે દિશા મળતી નહોતી. સમજૂતીની આ સ્થિતિ અચાનક કેવી રીતે બની? એવો પ્રશ્ન થવો વાજબી છે. બ્રિક્સ શિખર સંમેલન માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી રશિયા જવાના છે, જ્યાં ચીનના રાષ્ટ્રપતિ શીજિનપિંગ સાથે તેમની મુલાકાત થવાની શક્યતા છે. આવામાં મંત્રણા માટે પર્યાપ્ત અનુકૂળ માહોલ બનાવવાના પ્રયાસના ભાગ તરીકે હાલમાં કરવામાં આવેલી ઘોષણાને જોઈ શકાય છે. ભારત અનેક પ્રસંગોએ કહી ચૂક્યું છે કે, સારા વ્યવસાયી સબંધો માટે સારા રાજકીય સામાજિક સબંધો હોવા આવશ્યક છે. આ દિશામાં ચીન ખરેખર ગંભીર બન્યું હોય તો આ સૌનાં હિતની વાત છે. રશિયામાં બન્ને દેશના વડાની મુલાકાત થાય છે, તો ફક્ત આર્થિક બાબતો પર ચર્ચાને બદલે સામાજિક સ્થિરતા પર પણ ચર્ચા થવી જોઈએ. અહીં બીજો અને મહત્ત્વનો સવાલ થાય કે શું ચીન પર વિશ્વાસ મૂકી શકાય? ભૂતકાળમાં વારંવાર ચીને કરેલા વિશ્વાસઘાત બાદ તેના પર વિશ્વાસ મૂકવાનું કામ મુશ્કેલ છે. અરુણાચલ, લદ્દાખ અને કાશ્મીરને લઈ જે રીતે વાહિયાત નિવેદનબાજી કરે છે અને સીમા વિવાદના સ્થાયી ઉકેલની ઈચ્છા નથી રાખતું, તે જોતાં સતર્ક રહેવાની આવશ્યકતા છે. ભારતે સ્પષ્ટ કરવું જોઈએ કે ચીને વિશ્વાસપાત્ર બનવા માટે સીમા વિવાદને સ્થાયી કાયમી ધોરણે ઉકેલવો જોઈએ. સીમા વિવાદના ઉકેલ માટે ત્રણ-ચાર દાયકાથી મંત્રણાનો દૌર ચાલુ છે, પણ કંઈ પરિણામ નથી આવ્યું. ચીને પચાવી પાડેલા અક્સાઈ ચીન બાબતે પણ ભારત સરકારે ચીન સાથે વાતચીત કરવી જોઈએ, પરંતુ એવું કર્યું હોય એમ ક્યારેય પ્રકાશમાં આવ્યું નથી અને એ તમામે ધ્યાનમાં લેવા જેવી બાબત છે. જ્યારે ચીનને એ અહેસાસ હોવો જોઈએ કે ભારતને વિશ્વાસમાં લીધા વિના તે બ્રિક્સને શક્તિશાળી નહીં બનાવી શકે. જો કે, ભારત અને ચીન બન્ને દેશના અધિકારીઓ વચ્ચે હાલની મંત્રણા વાસ્તવિક નિયંત્રણ રેખા પર સમજૂતી સુધી પહોંચી છે, બ્રિક્સ પહેલાં આ ખૂબ સારા સંકેત ગણાય.

## આજે ગુરૂપુષ્યામૃત યોગ

# ઘરેણાં-સિક્કા ખરીદવા થયા મોંઘાઃ ચાંદી ૧ લાખને પાર, સોનું હવે ૮૧ હજારે પહોંચ્યું

**તહેવારો દરમિયાન જ્વેલરી અને સિલ્વરવેર સેગમેન્ટમાં વધતી ખરીદીને કારણે પણ વૃદ્ધિ જોવા મળી છે**











(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૨૩

સોનું અને ચાંદી સતત નવા રેકોર્ડ બનાવી રહ્યાં છે અને ક્યારેક સોનું તો ક્યારેક ચાંદી ગ્રાહકોની ખરીદ શક્તિની કસોટી લઈ રહ્યાં છે. જોકે ગઈકાલે સોનું અને ચાંદી મળીને ઓલ ટાઈમ હાઈ પર પહોંચી ગયા હતા, અને ચાંદી રૂા.૧ લાખને પાર કરી ગઈ હતી.

ચાંદીનો ભાવ રૂા. ૧૫૦૦ના ઉછાળા સાથે રૂા. ૧ લાખ પ્રતિ કિલોગ્રામને પાર કરી ગયો હતો. ચાંદીના ભાવમાં સતત પાંચમા દિવસે વધારો યથાવત રહ્યો હતો અને રૂ. ૧૫૦૦ના ઉછાળા સાથે રૂ. ૧.૦૧ લાખ પ્રતિ કિલોના નવા રેકોર્ડ સ્તરે પહોંચી ગયો હતો. શુક્રવારે ચાંદીની કિંમત ૯૯,૫૦૦ રૂપિયા પ્રતિ કિલો પર બંધ થઈ હતી. ચાંદીના ભાવ સતત પાંચમા દિવસે વધ્યા હતા અને રૂા. ૧,૫૦૦ વધીને રૂા. ૧.૦૧ લાખ પ્રતિ કિલોના નવા રેકોર્ડ સ્તરે પહોંચી ગયા હતા. શુક્રવારે ચાંદીની કિંમત ૯૯,૫૦૦ રૂપિયા પ્રતિ કિલો પર બંધ થઈ હતી.

આ સિવાય ૯૯.૫ ટકા શુદ્ધતાનું સોનું રૂા. ૩૫૦ વધીને રૂા. ૮૦,૬૦૦ પ્રતિ ૧૦ ગ્રામના નવા રેકોર્ડ સ્તરે પહોંચી ગયું છે. રાષ્ટ્રીય રાજધાનીના બૂલિયન માર્કેટમાં મંગળવારે સોનું ૩૫૦ રૂપિયા વધીને ૮૧,૦૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામના નવા રેકોર્ડ સ્તરે પહોંચી ગયું છે. અખિલ ભારતીય બૂલિયન એસોસિએશને આ માહિતી આપી છે.

સોના-ચાંદીમાં સતત વધારો થવાનું મુખ્ય કારણ ઔદ્યોગિક માંગમાં વધારો તથા સરકારની ખોટી આર્થિક નીતિ પણ જવાબદાર છે. જેમ, કે જી.એસ.ટી.માં ધરખમ વધારો. આ સિવાય જ્વેલરી અને સિલ્વરવેર સેગમેન્ટમાં વધતી ખરીદીને કારણે પણ વૃદ્ધિ જોવા મળી છે. બૂલિયન ટ્રેડર્સે તહેવારો અને લગ્નની સિઝન દરમિયાન વધેલી માંગને પહોંચી વળવા સ્થાનિક જ્વેલર્સ દ્વારા ખરીદીમાં વધારો થવાને કારણે સોનાના ભાવમાં વધારો થયો હોવાનું કારણભૂત છે.

મલ્ટી કોમૉડિટી એક્સચેન્જ (MCX)ના ફ્યૂચર્સ ટ્રેડિંગમાં, ડિસેમ્બર ડિલિવરી માટેનો સોનાનો કૉન્ટ્રાક્ટ રૂા. ૨૦૮ વધીને રૂા. ૭૮,૨૪૭ પ્રતિ ૧૦ ગ્રામ થયો છે. ડિસેમ્બર ડિલિવરી માટે ચાંદીના કૉન્ટ્રેક્ટના ભાવ રૂ. ૮૮૨ અથવા ૦.૯૧ ટકાના ઉછાળા સાથે રૂા. ૯૮,૩૩૦ પ્રતિ કિલોના ઉચ્ચ સ્તરે પહોંચ્યા હતા.

**જાણી લો સાચી તારીખ અને તિથિ**

# ૩૧ ઓક્ટોબર કે ૧ નવેમ્બર દિવાળી ક્યા દિવસે ઉજવાશે?



## સતત બીજા વર્ષે પણ પડતર દિવસની પળોજણ

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૨૩**

દિવાળીના તહેવારોને આડે હવે ગણતરીના દિવસ બાકી રહ્યા છે. પરંતુ સતત બીજા વર્ષે દિવાળીની ઉજવણી ક્યારે કરવી તેને લઈને ગૂંચવણ સર્જાઈ છે. આ વખતે વારાણસી-ઉજ્જૈન-મથુરા-વૃંદાવન-નાથદ્વારા-દ્વારકા-તિરુપતિમાં ૩૧ ઑક્ટોબરે જ્યારે અયોધ્યા-રામેશ્વરમાં ૧ નવેમ્બરના રોજ દિવાળીની ઉજવણી કરવામાં આવે તેવી સંભાવના છે. આમ, દિવાળીની ઉજવણી ક્યારે કરવી તેને લઈને જ્યોતિષાચાર્યો-શાસ્ત્રવિદોમાં પણ મતભેદની સ્થિતિ છે.

ગત વર્ષે પણ પડતર દિવસને લીધે દિવાળીની ઉજવણી ક્યારે કરવી તેને લઈને દ્વિધા સર્જાઈ હતી. હવે આ વખતે ફરી એક વખત આ જ સ્થિતિનું નિર્માણ થયું છે. અયોધ્યામાં રામ મંદિરના મુખ્ય પુજારી આચાર્ય સત્યેન્દ્ર દાસના મતે લોકો કોઈ ભ્રમમાં પડ્યા વિના ૧ નવેમ્બરના જ દિવાળીની ઉજવણી કરે. અનેક લોકો અલગ-અલગ તિથિ લખી નાખે છે. અમારી ગણતરી પ્રમાણે ૧ નવેમ્બરે જ દિવાળી મનાવાશે. બીજી તરફ ઉજ્જૈનના જ્યોતિષાચાર્યોને મતે આ વર્ષે ૩૧ ઑક્ટોબરે જ દિવાળી મનાવવી શ્રેષ્ઠ છે. લક્ષ્મી પૂજા માટે સાંજનો સમય હોવો જરૂરી હોય છે. ૩૧ ઑક્ટોબરે સંધ્યાકાળના સમયે અમાસ છે અને એટલે આ દિવસે જ દિવાળી મનાવવી જોઈએ. બનારસ હિન્દુ મહાવિશ્વવિદ્યાલયના જ્યોતિષ વિભાગના મતે ૧ નવેમ્બરે દિવાળી છે જ નહીં અને અમારી ગણતરી પ્રમાણે ૩૧ ઑક્ટોબરે જ દિવાળી ઉજવાવી જોઈએ.

**દિવાળીના ક્યા તહેવાર ક્યારે ઉજવાશે**

| તારીખ | વાર | તહેવાર |
|---|---|---|
| ૨૯ ઑક્ટોબર | મંગળવાર | ધનતેરસ |
| ૩૦ ઑક્ટોબર | બુધવાર | કાળી ચૌદશ |
| ૩૧ ઑક્ટોબર | ગુરુવાર | દિવાળી |
| ૧ નવેમ્બર | શુક્રવાર | પડતર દિવસ |
| ૨ નવેમ્બર | શનિવાર | બેસતું વર્ષ |
| ૩ નવેમ્બર | રવિવાર | ભાઈ બીજ |

આ અંગે જ્યોતિષી અગ્નિદત્ત પદ્મનાભ અગ્નિહોત્રીએ જણાવ્યું કે, '૩૧ ઑક્ટોબરે સાંજે ચાર વાગ્યાથી અમાસ છે. દિવાળીએ રાતનો તહેવાર છે અને જેના કારણે ૩૧મીએ જ દિવાળીની ઉજવણી કરવી જોઈએ. ૧ નવેમ્બરના સાંજે પાંચ સુધીના અમાસ પૂર્ણ થઈ જતી હોવાથી ત્યારે દિવાળી કરી શકાય નહીં. દિવાળીના પૂજન ૩૧ ઑક્ટોબરે થવા જોઈએ. આ વખતે બારસ છે ત્યારે ધન તેરસ અને તેરસ છે ત્યારે કાળી ચૌદશ છે.

શાસ્ત્રવિદ્ સિદ્ધાર્થ શર્માએ પણ ૩૧ ઑક્ટોબરના જ દિવાળી ઉજવવા મત રજૂ કર્યો હતો અને તેમણે કહ્યું કે, "સૂર્યોદય-સૂર્યાસ્તના સમયમાં ફેરફાર પ્રમાણે કેટલાક સ્થાનોએ દિવાળીની ઉજવણીની તારીખમાં ફેરફાર છે. પરંતુ આપણે ત્યાં ૩૧ ઑક્ટોબરે જ દિવાળી ઉજવાવી જોઈએ. ૧ નવેમ્બરે પડતર દિવસ છે અને ૨ નવેમ્બરના નૂતન વર્ષ જ્યારે ૩ નવેમ્બરના ભાઈ બીજ છે.'

દિવાળી બાદ પડતર દિવસની ઉજવણી સતત બીજા વર્ષે સર્જાઈ છે. ભારતીય પંચાંગ પ્રમાણે ચંદ્રની કળાઓને ૩૦ ભાગમાં વહેચવામાં આવી છે જ્યારે હકીકતમાં ચંદ્ર એ ૩૦ કળાઓને ૩૦ દિવસ કરતાં ઓછા સમયમાં પૂર્ણ કરી લે છે.

આથી દર મહિને પંચાંગમાં એકાદ તિથિનો ક્ષય કે વૃદ્ધિ થતી જોવા મળે છે. પડતર દિવસે સૂર્યોદય સમયે હજુ અમાસ હોય છે અને નવા વર્ષની પહેલી તિથિ શરુ થઈ હોતી નથી. સ્થાનિક રીતે કેટલાંક વિસ્તારોમાં આ વધારાનો દિવસ ગણી નવું વર્ષ બીજે દિવસે ઉજવાય છે તો કેટલાંક વિસ્તારોમાં આ દિવસને અવગણી તેને જ નવા વર્ષના પ્રારંભનો દિવસ ગણી ઉજવણી કરાય છે.

## ભારત સાથે 'ક્લાઈમેટ ડિપ્લોમસી'ની જરૂરિયાતઃ મરિયમ

# લાહોર વિશ્વનું સૌથી પ્રદૂષિત શહેર : કૃત્રિમ વરસાદની તૈયારી

**લાહોરને વિશ્વનું સૌથી પ્રદૂષિત શહેર જાહેર કરાયા પછી પાકિસ્તાન ધુમ્મસની અસર ઘટાડવા શહેરમાં કૃત્રિમ વરસાદ વરસાવવાની યોજના ધરાવે છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**લાહોર, તા.૨૩:** લાહોરને વિશ્વનું સૌથી પ્રદૂષિત શહેર જાહેર કરાયા પછી પાકિસ્તાન



ધુમ્મસની અસર ઘટાડવા શહેરમાં કૃત્રિમ વરસાદ વરસાવવાની યોજના ધરાવે છે.

પાકિસ્તાનના પંજાબ પ્રાંતે મંગળવારે જણાવ્યું હતું કે, લાહોરનો એર ક્વોલિટી ઇન્ડેક્સ (AQI) ૩૯૪ના સ્તરે પહોંચ્યો છે ત્યારે લાહોરમાં બીજી વખત કૃત્રિમ વરસાદનો પ્રયાસ કરાશે.

પાકિસ્તાનની સાંસ્કૃતિક રાજધાની ગણાતા લાહોરમાં નિયમિત રીતે પ્રદૂષણનું સ્તર ચેતવણીના સ્તરને પાર કરતું હોય છે. ૩૯૪ના AQI સાથે લાહોરને વિશ્વનું સૌથી પ્રદૂષિત શહેર જાહેર કરવામાં આવ્યું હતું.

AQIનું ૧૦૦થી ઉપરનું સ્તર 'બિનઆરોગ્યપ્રદ' અને ૧૫૦થી ઊંચું સ્તર 'બહુ બિનઆરોગ્યપ્રદ' ગણાય છે.

પંજાબના મુખ્યમંત્રી મરિયમ નવાઝે ધુમ્મસની અસર ઘટાડવા માટે ભારત સાથે 'ક્લાઈમેટ ડિપ્લોમસી'ની જરૂરિયાત જણાવી હતી. હવે અમે શહેરમાં કૃત્રિમ વરસાદની યોજના બનાવી રહ્યા છીએ."

# અમદાવાદ દેશનું સાતમા નંબરનું વ્યસ્ત ઈન્ટરનેશનલ એરપોર્ટ બન્યુંઃ દિલ્હી પ્રથમ ક્રમે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**અમદાવાદ,તા.૨૩:** અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ દેશનું સાતમા નંબરનું સૌથી વ્યસ્ત એરપોર્ટ બન્યું છે. દર ૫.૩૩ મિનિટે એક ફ્લાઈટ ચાલે છે. ગયા વર્ષની સરખામણીમાં ફ્લાઈટ મુવમેન્ટમાં ૮ ટકાનો વધારો થયો છે. હાલમાં અમદાવાદ એરપોર્ટ પરથી દરરોજ ૨૭૦ જેટલી ફ્લાઈટ્સ ઓપરેટ થાય છે. વર્ષ ૨૦૨૪ના એપ્રિલથી સપ્ટેમ્બર વચ્ચે ૬૦ લાખથી વધુ મુસાફરોએ મુસાફરી કરી છે. જેમાંથી ૫૦ લાખ મુસાફરોએ ઘરેલુ મુસાફરી કરી છે જ્યારે ૧૦ લાખ મુસાફરોએ આંતરરાષ્ટ્રીય મુસાફરી કરી છે. જેમાં દિલ્હી-મુંબઈ અને દુબઈ જનારા યાત્રિકોની સંખ્યા સૌથી વધુ છે. દિલ્હી એરપોર્ટ દેશનું સૌથી વ્યસ્ત એરપોર્ટ છે. જ્યાં દર ૧.૫ મિનિટે એક ફ્લાઈટ ઓપરેટ થાય છે. અહીં દરરોજ ૧૧૦૦થી વધુ ફ્લાઈટ્સ ચાલે છે અને મુંબઈ એરપોર્ટ બીજા સ્થાને છે, ત્યારબાદ બેંગલુરુ, હૈદરાબાદ, ચેન્નાઈ અને કોલકાતા છે. તે પછી ગુજરાતનું સૌથી મોટું એરપોર્ટ એટલે કે અમદાવાદનું સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ સાતમા નંબરે આવે છે. જ્યાં આ વર્ષના છેલ્લા ૬ મહિનામાં દર ૫.૩૩ મિનિટે એક ફ્લાઈટ ઓપરેટ થઈ છે. વર્ષ ૨૦૨૪માં અમદાવાદ એરપોર્ટ પરથી એપ્રિલથી સપ્ટેમ્બર મહિના દરમિયાન ૪૮૦૦૦થી વધુ ફ્લાઈટ્સ ઓપરેટ કરવામાં આવી છે. એટલે કે ગયા વર્ષની સરખામણીમાં ફ્લાઈટ મુવમેન્ટમાં ૮





ટકાનો વધારો થયો છે. ઉલ્લેખનીય છે કે હાલમાં અમદાવાદ એરપોર્ટ પરથી દરરોજ ૨૭૦ જેટલી ફ્લાઈટ્સ ઓપરેટ થાય છે. જ્યારે ગત વર્ષે આ સમયગાળા દરમિયાન ૨૨૦ થી ૨૩૦ ફ્લાઈટનું સંચાલન કરવામાં આવ્યું હતું. અદ્યતન ટેક્નોલોજીનો ઉપયોગ કર્યા પછી અને તેના ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સુધારો કર્યા પછી, અમદાવાદ એરપોર્ટ પશ્ચિમ ભારતમાં ઘણી આંતરરાષ્ટ્રીય એરલાઈન્સ માટે પસંદગીનું એરપોર્ટ બની ગયું છે. જેના કારણે અનેક નવી કનેક્ટિવિટી પણ શરૂ થઈ છે. આવી સ્થિતિમાં મુસાફરોની સંખ્યામાં પણ વધારો થયો છે કારણ કે મુસાફરોને સીધી કનેક્ટિવિટી પણ મળે છે. અમદાવાદ એરપોર્ટે એપ્રિલથી સપ્ટેમ્બર ૨૦૨૪ દરમિયાન ૬૦ લાખથી વધુ મુસાફરોને હેન્ડલ કર્યા છે. જેમાંથી ૫૦ લાખ મુસાફરોએ ઘરેલુ અને ૧૦ લાખ મુસાફરોએ આંતરરાષ્ટ્રીય મુસાફરી કરી છે. ગયા વર્ષની સરખામણીમાં સ્થાનિક કનેક્ટિવિટી અને મુસાફરોની સંખ્યામાં ૬ ટકા જ્યારે આંતરરાષ્ટ્રીય કનેક્ટિવિટી અને મુસાફરોની સંખ્યામાં ૧૫ ટકાનો વધારો થયો છે. અમદાવાદ એરપોર્ટ પરથી ઉપડતી ફ્લાઈટ્સ માટે દિલ્હી, મુંબઈ અને બેંગલુરુ સૌથી લોકપ્રિય સ્થળો છે. જ્યારે દુબઈ, અબુ ધાબી અને કુવૈતથી સૌથી વધુ મુસાફરો આવતા અને પ્રસ્થાન કરતા આંતરરાષ્ટ્રીય કનેક્ટિવિટી ટોચના સ્થળો તરીકે ઉભરી આવે છે. ઉલ્લેખનીય છે કે અમદાવાદ એરપોર્ટ પરથી દર વર્ષે ફ્લાઈટ ઓપરેશન્સ અને કનેક્ટિવિટી વધી રહી છે, તેથી વર્ષ ૨૦૨૪માં આંતરરાષ્ટ્રીય એરલાઈન્સે અમદાવાદથી મુસાફરોને ડાયરેક્ટ કનેક્ટિવિટી આપવા માટે નવા ડેસ્ટિનેશન શરૂ કર્યા છે.

# સ્પોર્ટ્સ ન્યુઝ

## ઝિમ્બાબ્વેએ ગેમ્બિયા સામે ઈતિહાસ રચ્યો

# ઝિમ્બાબ્વેએ ગેમ્બિયા સામે ૨૦ ઓવરમાં ૩૪૪ રન કર્યા

### સિકંદર રઝાએ ૧૩૩ રનની શાનદાર ઈનિંગ રમી, મુસા જોબારતેહે ચાર ઓવરમાં ૯૩ રન આપ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ઝિમ્બાબ્વે, તા.૨૩ :** ઝિમ્બાબ્વેએ ICC મેન્સ T20 વર્લ્ડ કપ રિજનલ ક્વોલિફાયર મેચમાં ગેમ્બિયા સામે ઈતિહાસ રચ્યો અને T20 આંતરરાષ્ટ્રીય મેચમાં સૌથી વધુ રન બનાવનાર ટીમ બની. આ મેચમાં ઝિમ્બાબ્વેએ ગેમ્બિયા સામે ૨૦ ઓવરમાં ૩૪૪ રન બનાવીને ઈતિહાસ રચ્યો હતો. આ પહેલા ભારત બાંગ્લાદેશ સામે ટી-૨૦માં સૌથી વધુ રન બનાવનારી બીજી ટીમ બની હતી. પરંતુ ઝિમ્બાબ્વેના નવા રેકોર્ડ બાદ ભારત હવે ત્રીજા સ્થાને પહોંચી ગયું છે. ભારતે તાજેતરમાં બાંગ્લાદેશ સામે ૨૯૭ રન બનાવ્યા હતા.

આ મેચમાં પ્રથમ બેટિંગ કરતા ઝિમ્બાબ્વેએ ૨૦ ઓવરમાં ૪ વિકેટ ગુમાવીને ૩૪૪ રન બનાવ્યા હતા. ઓપનર બ્રાયન બેનેટે ૨૬ બોલમાં ૫૦ રન બનાવ્યા હતા જ્યારે મારુમાનીએ ૧૯ બોલમાં ૩૨૬ના સ્ટ્રાઈક રેટથી ૬૨ રન બનાવ્યા હતા. ઝિમ્બાબ્વેએ આ મેચમાં વિરોધી ટીમ સામે વિસ્ફોટક બેટિંગ કરી હતી અને ૩૪૪ રન બનાવીને વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો હતો. ઝિમ્બાબ્વેએ નેપાળનો રેકોર્ડ તોડ્યો, જે અગાઉ T20I માં સૌથી વધુ રન બનાવવાનો રેકોર્ડ ધરાવે છે. નેપાળે ૩૧૪ રન બનાવ્યા હતા.

ઝિમ્બાબ્વેએ હવે T20 માં સૌથી વધુ રન બનાવવાનો રેકોર્ડ બનાવી લીધો છે. આ પછી નેપાળ ૩૧૪ રન સાથે બીજા સ્થાને છે. જ્યારે ભારતીય ટીમ ત્રીજા સ્થાને પહોંચી ગઈ છે. ટીમ ઈન્ડિયાએ ૨૯૭ રન બનાવ્યા હતા. ચોથા સ્થાને ફરી ઝિમ્બાબ્વે છે જેણે ૨૮૬ રન બનાવ્યા હતા.

આ મેચમાં ઝિમ્બાબ્વે તરફથી સિકંદર રઝાએ સૌથી વધુ રન બનાવ્યા હતા. તેણે ૩૦૯.૩૦ના સ્ટ્રાઈક રેટ સાથે ૧૩૩ રનની શાનદાર ઈનિંગ રમી હતી. પોતાની ઈનિંગમાં સિકંદરે ૧૫ સિક્સર અને ૭ ફોર ફટકારી હતી. તેણે માત્ર ૪૩ બોલમાં આ સિદ્ધિ મેળવી હતી. હવે સિકંદરની ઈનિંગ્સ આખી દુનિયામાં ચર્ચાનો વિષય બની ગઈ છે.

હવે આ ઈનિંગમાં બનેલા અન્ય રેકોર્ડ વિશે જાણીએ. ગેમ્બિયાના બોલર મુસા જોબારતે T20 ઈન્ટરનેશનલ ક્રિકેટનો સૌથી મોંઘો સ્પેલ કર્યો. તેણે પોતાની ચાર ઓવરમાં કુલ ૯૩ રન આપ્યા અને કોઈ વિકેટ મળી ન હતી. જો તેણે ૭ રન વધુ આપ્યા હોત તો ટી-૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં કોઈ બોલરે ૧૦૦ રન આપ્યા હોય તેવું પહેલીવાર બન્યું હોત. જો કે હજુ પણ મુસા જોબરતેહનું નામ રેકોર્ડ બુકમાં નોંધાયેલું છે. સિકંદર રઝાએ માત્ર ૩૩ બોલમાં પોતાની સદી પૂરી કરી હતી.

આ રીતે તે T20 ઈન્ટરનેશનલમાં સૌથી ઝડપી સદી ફટકારનાર સંયુક્ત બીજો બેટ્સમેન પણ બની ગયો છે. ઝિમ્બાબ્વે દ્વારા ઈનિંગ્સ દરમિયાન કુલ ૨૭ સિક્સર ફટકારવામાં આવી હતી, જે T20 ઈન્ટરનેશનલ ક્રિકેટમાં પ્રથમ વખત બન્યું છે.

## ન્યૂઝીલેન્ડને પુણે ટેસ્ટ પહેલા મોટો ઝટકો

# સ્ટાર બેટ્સમેન કેન વિલિયમ્સન પુણે ટેસ્ટમાંથી બહાર થઈ ચૂક્યો છે

### બોર્ડે આશા સેવી છે કે ભારત-ન્યૂઝીલેન્ડની વચ્ચે ત્રીજી ટેસ્ટમાં કેન વિલિયમ્સન ટીમનો હિસ્સો હશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**પુણે, તા.૨૩ :** ન્યૂઝીલેન્ડે ભારત વિરુદ્ધ ટેસ્ટ સીરિઝની પહેલી મેચમાં શાનદાર જીત મેળવી છે. બીજી ટેસ્ટ પુણેમાં ૨૪ ઓક્ટોબરથી પુણેમાં રમાશે, પરંતુ તેના પહેલા ન્યૂઝીલેન્ડ ટીમને મોટો ઝટકો લાગ્યો. ટીમના સ્ટાર બેટ્સમેન કેન વિલિયમ્સન પુણે ટેસ્ટમાંથી બહાર થઈ ચૂક્યો છે. ન્યૂઝીલેન્ડ ક્રિકેટ બોર્ડે આ ખેલાડી બહાર થવાના અપડેટ આપ્યો છે. પુણે ટેસ્ટ કીવી ટીમ માટે ખુબ જ ચેલેન્જિંગ થનાર છે.

કેન વિલિયમ્સન બેંગ્લુરુમાં પણ ટીમનો ભાગ નહોતો. વિલિયમ્સન ટીમની સાથે ભારત પ્રવાસ પર નથી. બોર્ડ દ્વારા જાણકારી આપવામાં આવી હતી કે વિલિયમ્સન ઈજાના કારણે પહેલી ટેસ્ટનો ભાગ નહીં રહે. પરંતુ બીજી ટેસ્ટમાં ઉપલબ્ધ રહેશે. પરંતુ હવે અનુભવી બેટ્સમેન બીજી ટેસ્ટમાં પણ ટીમનો ભાગ નહીં હોય. જોકે, બોર્ડે આશા સેવી છે કે ભારત-ન્યૂઝીલેન્ડની વચ્ચે ત્રીજી ટેસ્ટમાં વિલિયમ્સન ટીમનો હિસ્સો હશે.

કેન વિલિયમ્સન ન્યૂઝીલેન્ડ માટે ખુબ જ મહત્વપૂર્ણ છે. જોકે વિલિયમ્સન વિના પણ કીવી ટીમે શાનદાર પ્રદર્શન કર્યું. પરંતુ બીજી ટેસ્ટમાં જીતની લય જાળવી રાખવી મહેમાનો માટે ખુબ જ મુશ્કેલ હશે. હવે જોવાનું એ હશે કે કીવી ટીમ બીજી ટેસ્ટમાં ફેરફાર કરે છે કે નહીં. વિલ યંગની પાસે વધુ એક ગોલ્ડન ચાન્સ હશે. વિલિયમ્સનની વાપસી બાદ તેનું પત્તું પ્લેઈંગ ૧૧માંથી કપાઈ શકે છે. ન્યુઝીલેન્ડ ટીમ : ટોમ લાથમ (કેપ્ટન), ડેવોન કોનવે, વિલ યંગ, ડેરીલ મિશેલ, ગ્લેન ફિલિપ્સ, રચિન રવિન્દ્ર, ટોમ બ્લંડેલ (વિકેટકીપર), માઈકલ બ્રેસવેલ, માર્ક ચેપમેન, મિશેલ સેન્ટનર, મેટ હેનરી, વિલિયમ ઓરુક, એજાઝ પટેલ, બેન સીઅર્સ, ટિમ સાઉથી, ઈશ સોઢી (માત્ર બીજી અને ત્રીજી ટેસ્ટ).

# ક્રિકેટની અનોખી ઘટના, જેને જોઈને તમારું માથું હટી જશે





(જી.એન.એસ)

**વોશિંગ્ટન, તા.૨૩ :** ક્રિકેટના મેદાન સાથે જોડાયેલી ઘણી રસપ્રદ વાતો સામે આવી છે. પરંતુ, અનિશ્ચિતતાઓથી ભરેલી આ રમતમાં, અમે જે અનોખી ઘટનાનો ઉલ્લેખ કરવા જઈ રહ્યા છીએ તે ન તો આ પહેલા જોઈ છે અને ન તો તેના વિશે સાંભળ્યું છે. આ એક ખૂબ જ વિચિત્ર ઘટના છે, જે ઓસ્ટ્રેલિયાના ક્રિકેટ મેદાન પર જોવા મળી છે.

વાસ્તવમાં આ ઘટના અમ્પાયરની મોટી ભૂલનું પરિણામ હતું. થયું એવું કે ટીમ જીતી ગઈ, એ પછી પણ મેચ ચાલુ રહી. હવે મને કહો, શું તમે ક્યારેય એવી કોઈ ઘટના સાંભળી કે જોઈ છે કે જેમાં એક ટીમ જીત્યા પછી પણ મેચ ચાલુ રહી હોય? કદાચ નહીં. પરંતુ, ઓસ્ટ્રેલિયામાં શેફિલ્ડ શિલ્ડ ટૂર્નામેન્ટમાં તસ્માનિયા અને પશ્ચિમ ઓસ્ટ્રેલિયા વચ્ચે રમાયેલી મેચમાં આ જોવા મળ્યું હતું. આ મેચમાં વેસ્ટર્ન ઓસ્ટ્રેલિયાએ તાસ્માનિયાને હરાવ્યું હતું, તે પછી પણ અમ્પાયરોની ભૂલને કારણે મેચ ચાલુ રહી હતી.

હવે પ્રશ્ન એ છે કે આવું કેમ થયું? તેથી આ પ્રશ્નના જવાબ સુધી પહોંચતા પહેલા, સ્પર્ધાની પરિસ્થિતિ પર એક નજર નાખવી જરૂરી છે. મેચમાં પ્રથમ બેટિંગ કરતા તસ્માનિયાએ ૨૭૭ રન બનાવ્યા હતા. જવાબમાં પશ્ચિમ ઓસ્ટ્રેલિયાએ પ્રથમ દાવમાં ૩૩૨ રન બનાવ્યા હતા અને આ રીતે પ્રથમ દાવમાં ૫૫ રનની લીડ મેળવી હતી. તાસ્માનિયાનો બીજો દાવ ૧૩૭ રનમાં સમેટાઈ ગયો હતો અને પશ્ચિમ ઓસ્ટ્રેલિયાને જીતવા માટે ૮૩ રનનો આસાન ટાર્ગેટ મળ્યો હતો. વેસ્ટર્ન ઓસ્ટ્રેલિયાની ટીમે ૪ વિકેટ ગુમાવીને ૮૩ રનનો લક્ષ્યાંક હાંસલ કર્યો હતો. પરંતુ, થયું એવું કે ન તો અમ્પાયરને અને ન તો ખેલાડીઓને ટાર્ગેટ યાદ રહ્યો. આથી, લક્ષ્યનો પીછો કર્યા પછી પણ મેચ ચાલુ રહી. અને, પછી કંઈક એવું જોવા મળ્યું જે ક્રિકેટના ઈતિહાસમાં આ પહેલા ભાગ્યે જ જોવા મળ્યું હતું.

# નાગપુર નજીક શાલીમાર એક્સપ્રેસના બે ડબ્બા પાટા પરથી ઉતરી ગયા

### આ ઘટના કલ્યાણ સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૨ પર બની હતી : ટ્રેનના એસ-૧ અને એસ-૨ કોચ પાટા પરથી ઉતરી ગયા, ઘટનામાં કોઈ જાનહાનિ નથી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નાગપુર, તા.૨૩**

નાગપુરમાં એક ટ્રેન અચાનક પાટા પરથી ઉતરી ગઈ. આ અકસ્માત નાગપુરના ઈટવારી રેલવે સ્ટેશન પાસે થયો હતો. જણાવવામાં આવી રહ્યું છે કે, મુંબઈથી આવી રહેલી શાલીમાર એક્સપ્રેસ ટ્રેન ઈટવારી રેલવે સ્ટેશન પર પહોંચતા જ અચાનક પાટા પરથી ઉતરી ગઈ હતી. અત્યાર સુધી પ્રાપ્ત માહિતી અનુસાર, ટ્રેનના જી૧ અને જી૨ કોચ પાટા પરથી ઉતરી ગયા છે. આ ઘટનામાં હજુ સુધી કોઈના ઘાયલ થયા હોવાની માહિતી નથી. અકસ્માત બાદ રાહત અને બચાવ કાર્ય ઉપરાંત રેલવે ટ્રેકને રિપેર કરવાની કામગીરી પણ કરવામાં આવી રહી છે. દુર્ઘટના વિશે માહિતી આપતા મધ્ય રેલવેના પ્રવક્તાએ કહ્યું કે, 'આ ઘટના કલ્યાણ સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૨ પર બની હતી, જ્યારે એક કોચ પાટા પરથી ઉતરી ગયો હતો. ટ્રેન CSMT તરફ જઈ રહી હતી ત્યારે એક કોચ પાટા પરથી ઉતરી ગયો હતો. આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હતી. આ ઘટના બાદ ચર્ચગેટથી મુંબઈ સેન્ટ્રલ તરફ ધીમી ગતિનો ટ્રેક બંધ કરી દેવામાં આવ્યો હતો. જેના કારણે ઘણી ટ્રેનોને ચર્ચગેટ અને મુંબઈ સેન્ટ્રલ વચ્ચે ડાયવર્ટ કરવામાં આવી હતી. જેના કારણે લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. આ પહેલા આસામના ડિબ્લોંગ સ્ટેશન પાસે એક ટ્રેન પાટા પરથી ઉતરી ગઈ હતી. એવું કહેવામાં આવી રહ્યું છે કે જે ટ્રેન પાટા પરથી ઉતરી હતી તે અગરતલા-લોકમાન્ય તિલક એક્સપ્રેસ ટ્રેન હતી. આ ટ્રેનના ૮-૧૦ ડબ્બા પાટા પરથી ઉતરી ગયા હતા. રેલવે પ્રવક્તાએ કહ્યું કે, આ ઘટનામાં કોઈ જાનહાનિના સમાચાર નથી. અગરતલા અને મુંબઈના લોકમાન્ય તિલક ટર્મિનસ વચ્ચે ચાલતી ટ્રેન દિબાલોંગ સ્ટેશન પરથી પસાર થતી વખતે પાટા પરથી ઉતરી ગઈ હતી. રેલવે પ્રવક્તાએ જણાવ્યું કે ટ્રેનમાં મુસાફરી કરી રહેલા મુસાફરોને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા છે. આ ઘટના બાદ રેલવે દ્વારા કોઈપણ માહિતી કે મદદ માટે હેલ્પલાઈન નંબર પણ જારી કરવામાં આવ્યો હતો.

## કોંગ્રેસ આગળ આખરે કેવી રીતે ઝૂકી ગયા ઉદ્ધવ ઠાકરે?

# કોંગ્રેસ ૧૦૫ બેઠકો પરથી પોતાના ઉમેદવારો ચૂંટણીના મેદાનમાં ઉતારશે

### ઉદ્ધવ સેનાને ૯૬થી ૧૦૦ સુધીની સીટો મળી શકે છે : એનસીપી-શરદ પવારને ૮૫ની આસપાસ બેઠક મળી શકે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૨૩**



મહારાષ્ટ્રમાં મહાવિકાસ આઘાડી ગઠબંધન વચ્ચે સીટ શેરિંગને લઈને સમજૂતિ છેલ્લા તબક્કામાં હોવાનું કહેવાય છે. સૂત્રોનું કહેવું છે કે કોંગ્રેસ, ઉદ્ધવ સેના અને શરદ પવારની એનસીપી વચ્ચે સીટ શેરિંગ અંગે જે સમજૂતિ થઈ છે તેમાં ઉદ્ધવ ઠાકરે જૂથે ત્યાગ કરવાનો વારો આવ્યો છે. મીડિયા રિપોર્ટ્સ મુજબ કોંગ્રેસ ૧૦૫ બેઠકો પરથી પોતાના ઉમેદવારો ચૂંટણીના મેદાનમાં ઉતારશે. જ્યારે ઉદ્ધવ સેનાને ૯૬થી ૧૦૦ સુધીની સીટો મળી શકે છે. એનસીપી-શરદ પવારને ૮૫ની આસપાસ બેઠક મળી શકે છે.

આ રીતે સ્પષ્ટ થઈ ગયું છે કે, ઉદ્ધવ સેના કોંગ્રેસ કરતા ઓછી બેઠકો મેળવશે. આ સમગ્ર સમજૂતિ ઉદ્ધવ સેનાના ત્યાગના કારણે શક્ય બની શકે છે. જેની સતત માંગણી હતી કે તે ૧૨૫ બેઠકો પર ઉમેદવારોને ચૂંટણી લડાવશે. તો પછી અચાનક આખરે એવું તે શું થયું કે ઉદ્ધવ સેનાએ ૧૨૫ બેઠકો તો જવા દો કોંગ્રેસથી પણ ઓછી બેઠકો પર રાજી થવું પડ્યું. લોકસભામાં તેના કરતા ઉલ્ટી સ્થિતિ હતી. જ્યારે ઉદ્ધવ સેનાએ ૨૧ બેઠકો પર ચૂંટણી લડી હતી અને ૯ સીટો જીતી હતી. જ્યારે કોંગ્રેસે ૧૭ બેઠકો પર ચૂંટણી લડીને ૧૩ બેઠકો જીતી હતી. એવું મનાય છે કે આ સ્ટ્રાઈક રેટને સામે રાખીને જ કોંગ્રેસે ઉદ્ધવ સેનાને રાજી કરી અને તેઓ ઓછી બેઠક લેવા તૈયાર થયા. કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ નાના પટોળે અને ઉદ્ધવ સેનાના સંજય રાઉત વચ્ચે લાંબી વાતચીત પણ ચાલી. એટલે સુધી કે સંજય રાઉતે કહ્યું કે નાના પટોળે જે બેઠકમાં હાજર હશે ત્યાં જવા નહીં ઈચ્છે. પછી શરદ પવારે હસ્તક્ષેપ કર્યો અને ઉદ્ધવ ઠાકરે સાથે વાતચીત કરી એવું કહેવાય છે. એવું મનાય છે કે, તેમની લગભગ બે કલાકની વાતચીતે જ સ્થિતિને સંભાળી. પછી કોંગ્રેસની એવી દલીલ હતી કે વિદર્ભમાં તેમનો સારો એવો જનાધાર છે પરંતુ ઉદ્ધવ સેનાની ત્યાં સ્થિતિ નબળી છે. આવામાં ત્યાંની સીટો પરથી તેમનું ચૂંટણી લડવું નુકસાન કરાવશે. તેઓ ભાજપ સામે સીધા મુકાબલામાં જીતી શકશે નહીં. આથી કોંગ્રેસને ત્યાં તક મળવી જોઈએ. કોંગ્રેસે આ માટે લોકસભા ચૂંટણીનો સ્ટ્રાઈક રેટ પણ રજૂ કર્યો. અંતે ઉદ્ધવ સેનાએ માનવું પડ્યું કે કોંગ્રેસ જ વધુ બેઠકો પર ચૂંટણી લડે.

કોંગ્રેસનું માનવું હતું કે, અમરાવતી, નાગપુર, રામટેક અને પુણે જેવા વિસ્તારોમાં ઉદ્ધવ સેનાની ઉપસ્થિતિ નબળી છે. આથી અહીંની સીટો પર તેમને વધુ તક મળવી જોઈએ. જેથી જીતની શક્યતા વધશે. જ્યારે ઉદ્ધવ સેનાએ અંતમાં બરાબરીનો પ્રસ્તાવ પણ મૂક્યો હતો. જેમાં કહેવાયું હતું કે ઉદ્ધવ સેના અને કોંગ્રેસ ૧૦૦-૧૦૦ સીટો પર ઉતરે જ્યારે એનસીપી-એસપીને ૮૮ સીટો આપવામાં આવે. જેના પર કોંગ્રેસ અડી ગઈ અને અંતમાં ૧૦૦થી વધુ બેઠકો પર કોંગ્રેસ ઉમેદવારો ઉતારશે. જ્યારે ઉદ્ધવ સેનાને તેમના કરતા ૫-૧૦ સીટો ઓછી મળશે.

### પ્રિયંકા ગાંધીનો રોડ શો, દિગ્ગજોની હાજરીમાં ઉમેદવારી નોંધાવી



## કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ વાયનાડની બેઠક ખાલી કર્યા બાદ હવે આ બેઠક પર પેટા ચૂંટણી યોજાઈ રહી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**વાયનાડ, તા.૨૩**

કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાએ કેરળના વાયનાડથી ઉમેદવારી પત્ર ભર્યું છે. આ દરમિયાન પ્રિયંકાની સાથે તેમની માતા સોનિયા ગાંધી, ભાઈ રાહુલ ગાંધી અને કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે પણ હતા. નોમિનેશન ફાઈલ કરતી વખતે પ્રિયંકા ગાંધીના પતિ રોબર્ટ વાડ્રા અને પુત્ર પણ તેમની સાથે હતા. આ પહેલા પ્રિયંકાએ એક રોડ શો અને જનસભાને સંબોધિત કરી હતી. રાહુલ ગાંધીએ અમેઠી અને વાયનાડ એમ બે લોકસભા બેઠકોમાંથી વાયનાડની બેઠક ખાલી કર્યા બાદ હવે આ બેઠક પર પેટા ચૂંટણી યોજાઈ રહી છે. જેને લઈને આ બેઠક ફરી હોટ સીટ બની ગઈ છે. હવે આ બેઠક પર તેમની બહેન પ્રિયંકા ગાંધીએ કોંગ્રેસ વતી ઉમેદવારી નોંધાવવાની તૈયારી કરતાં આજે કોંગ્રેસ તરફથી રોડ શોનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં રાહુલ ગાંધી, રોબર્ટ વાડરા સહિત અનેક દિગ્ગજોની હાજરી જોવા મળી.

૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં બંને બેઠકો પરથી જીત્યા બાદ રાહુલ ગાંધીએ અમેઠીને જાળવી રાખવાનો નિર્ણય કર્યો હતો. આ કારણે વાયનાડ સીટ ખાલી પડી અને ભાજપએ વાયનાડ લોકસભા પેટાચૂંટણી માટે પ્રિયંકા ગાંધી સામે નવ્યા હરિદાસને મેદાનમાં ઉતાર્યા છે. વ્યવસાયે મિકેનિકલ એન્જિનિયર નવ્યાએ ૨૦૦૭માં બી.ટેક. પૂર્ણ કર્યું છે. હાલ તેઓ કોઝિકોડ કોર્પોરેશનમાં કાઉન્સિલર છે અને ભાજપ મહિલા મોરચાના રાજ્ય મહા સચિવ તરીકે પાર્ટી માટે કામ કરે છે.

૧૫ ઓક્ટોબરે ચૂંટણી પંચે ૪૮ વિધાનસભા મતવિસ્તાર અને બે સંસદીય બેઠકો માટે પેટાચૂંટણીની જાહેરાત કરી હતી. મહારાષ્ટ્ર અને ઝારખંડ વિધાનસભા ચૂંટણીની સાથે આ પેટાચૂંટણીઓ બે તબક્કામાં યોજાવા જઈ રહી છે. પ્રથમ તબક્કા માટે ૧૩ નવેમ્બરે મતદાન થશે, જેમાં કેરળની ૪૭ વિધાનસભા સીટ અને વાયનાડ લોકસભા સીટનો સમાવેશ થાય છે.

# અદાણી ગ્રીન એનર્જીએ ૨૦% વાર્ષિક ધોરણે રૂ.૪,૫૧૮ કરોડના EBITDA સાથે H1 FY25 પરિણામોની જાહેરાત કરી

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

**અમદાવાદ, તા.૨૩**

ભારતની સૌથી મોટી અને સૌથી ઝડપથી વિકસતી પ્યોર-પ્લે રિન્યુએબલ એનર્જી કંપની અદાણી ગ્રીન એનર્જી લિમિટેડ (AGEL) એ ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૪ ના રોજ પૂરા થતા સમયગાળાના નાણાકીય પરિણામોમાં નોંધપાત્ર વૃદ્ધિ અને ઓપરેશનલ શ્રેષ્ઠતા દર્શાવી છે.

ઓપરેશનલ કેપેસિટી વિસ્તરણ: ૩૪% વાર્ષિક ધોરણે વધીને ૧૧.૨ GW

ઉર્જા વેચાણમાં વધારો: ૨૦% વાર્ષિક ધોરણે વધીને ૧૪,૧૨૮ મિલિયન યુનિટ્સ

આવક વૃદ્ધિ: ૨૦% YoY વધીને રૂ.૪,૮૩૬ કરોડ

ઉદ્યોગ-અગ્રણી EBITDA માર્જિન: ૯૨.૨% નું EBITDA માર્જિન હાંસલ કર્યું

રોકડ નફામાં ઉછાળો: ૨૭% YoY વધીને રૂ.૨,૬૪૦ કરોડ

અદાણી ગ્રીન એનર્જીએ ૨૦% વાર્ષિક ધોરણે રૂ.૪,૫૧૮ કરોડના EBITDA સાથે H1 FY25 પરિણામોની જાહેરાત કરી

મજબૂત આવક, EBITDA અને રોકડ નફાની વૃદ્ધિ મુખ્યત્વે ૨,૮૬૮ MW ના મજબૂત ગ્રીનફિલ્ડ ક્ષમતા વધારા અને પ્લાન્ટની સતત કામગીરી દ્વારા જોવા મળી છે.

અદાણી ગ્રીન એનર્જી લિમિટેડના સીઈઓ શ્રી અમિત સિંહે જણાવ્યું હતું કે, "નોંધપાત્ર ગ્રીનફિલ્ડ ક્ષમતા વધારા અને મજબૂત ઓપરેશનલ કાર્યક્ષમતા આધારિત અમારું નાણાકીય પ્રદર્શન મજબૂત રહ્યું છે. પ્રથમ કરાર પર હસ્તાક્ષર કરીને C&I સ્પેસમાં પ્રવેશ એ ઉદ્યોગોને ડીકાર્બોનાઇઝ કરવા માટેની અમારી પ્રતિબદ્ધતા દર્શાવે છે. ૨૦૩૦ સુધીમાં અમારા વેપારી અને C&I એક્સપોઝરને ૧૫% સુધી વધારવાની યોજના છે. અમારી વૃદ્ધિ ક્રેડિટ ડિસિપ્લીન સાથે મજબૂત મૂડી વ્યવસ્થાપન યોજના દ્વારા સંચાલિત છે. અમે અમારી પ્રતિબદ્ધતાને અનુરૂપ USD 750 મિલિયન હોલ્ડકો બોન્ડને સંપૂર્ણપણે રિડીમ કર્યું છે જે સુવ્યવસ્થિત ડિલિવરેજિંગમાં પરિણમે છે."

તેમણે વધુમાં ઉમેર્યુ હતું કે "અમે સર્વશ્રેષ્ઠ ટકાઉપણું અને ગવર્નન્સ પ્રેક્ટિસ પર ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ. વૈશ્વિક ESG રેટિંગ એજન્સીઓ દ્વારા ટોચની રેન્કિંગની પુનઃપુષ્ટિ ટકાઉ અને ઉદ્યોગ-અગ્રણી વૃદ્ધિએ પહોંચાડવાના અમારા સંકલ્પને મજબૂત બનાવે છે. અદાણી ગ્રીન તેના ૨૦૩૦ RE ક્ષમતાના ૫૦ ગીગાવોટના લક્ષ્યાંકને હાંસલ કરવા આગળ વધી રહ્યું છે, જેમાં ઓછામાં ઓછા 5 GW ઊર્જા સંગ્રહનો સમાવેશ થાય છે."

ઓપરેશનલ ક્ષમતા: ગ્રીનફિલ્ડ ઉમેરા સાથે ૧૧,૧૮૪ મેગાવોટ સુધી વાર્ષિક ધોરણે નોંધપાત્ર ૩૪% વિસ્તરણ કરવામાં આવ્યું છે, જેમાં ખાવડામાં ૨,૦૦૦ મેગાવોટ સૌર ક્ષમતા અને ૨૫૦ મેગાવોટ પવન ક્ષમતા, રાજસ્થાનમાં ૪૧૮ મેગાવોટ સૌર ક્ષમતા અને ગુજરાતમાં ૨૦૦ મેગાવોટ પવન ક્ષમતાનો સમાવેશ થાય છે.

ઉર્જાનું વેચાણ: મજબૂત ક્ષમતાના વધારા અને મજબૂત ઓપરેશનલ પરફોર્મન્સ દ્વારા ૨૦% YoY વધારો.

ઓપરેશનલ એક્સેલેન્સ: અમારા O&M ભાગીદારો, અદાણી ઈન્ફ્રા મેનેજમેન્ટ સર્વિસીસ પ્રાઈવેટ લિમિટેડ (AIMSL)ના સહયોગથી AGEL ઓપરેશન અને મેઈન્ટેનેન્સમાં (O&M) મશીન લર્નિંગ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ દ્વારા ઉન્નત અત્યાધુનિક ડેટા એનાલિટિક્સનો લાભ મેળવે છે.

પ્રતિબદ્ધતાઓ કરતાં વધુ પરિણામો. FY24 માં AGELનું PPA આધારિત વીજળી ઉત્પાદન વાર્ષિક પ્રતિબદ્ધતાના ૧૧૧% હતું. H1 FY25 માં, AGEL એ પહેલાથી જ વાર્ષિક પ્રતિબદ્ધતાના ૫૭% જનરેટ કર્યું છે.

O&M કાર્યક્ષમતા: AGEL નું O&M એનર્જી નેટવર્ક ઓપરેશન સેન્ટર સાથે અદ્યતન ટેકનોલોજી સંચાલિત છે. તે સમગ્ર દેશમાં રિન્યુએબલ પ્લાન્ટ્સનું રીઅલ ટાઈમ મોનિટરિંગ કરે છે. જેના પરિણામે વધુ વીજળી ઉત્પાદન અને O&M ખર્ચમાં ઘટાડો થયો છે, પરિણામે ઉદ્યોગ-અગ્રણી EBITDA માર્જિન ૯૨.૨% છે.

**ખાવડા ખાતે વિશ્વના સૌથી મોટા RE પ્લાન્ટનો વિકાસ:**

વિશ્વનો સૌથી મોટો પાવર પ્લાન્ટ: AGEL ગુજરાતમાં ખાવડા ખાતે ૩૦ GW નો વિશાળ પુનઃપ્રાપ્ય ઊર્જા પ્લાન્ટ વિકસાવી રહ્યું છે. તે ૫૩૮ ચોરસ કિલોમીટર વિસ્તારમાં ફેલાયેલો અને પેરિસ શહેર કરતાં લગભગ ૫ ગણો વિશાળ છે.

ઝડપી અમલ: FY24 માં ખાતમુહૂર્તના ૧૨ મહિનામાં જ AGEL એ ૨ GW સૌર ક્ષમતાનું સંચાલન કર્યું. છેલ્લા ૬ મહિનામાં અમે ૨૫૦ મેગાવોટની પવન ક્ષમતાનું સંચાલન કર્યું છે, અને ચોમાસુ હોવા છતાં જમીન પર નોંધપાત્ર વિકાસ કર્યો છે.

સૌથી અદ્યતન રિન્યુએબલ ટેક્નોલોજી: વીજળી ઉત્પાદનને મહત્તમ કરવા માટે પ્લાન્ટમાં સૌથી અદ્યતન બાયફેસિયલ સોલર મોડ્યુલ્સ અને ટ્રેકર્સ છે. તેમાં ભારતની સૌથી મોટી ૫.૨ મેગાવોટ વિન્ડ ટર્બાઈન પણ તૈનાત છે, જે વૈશ્વિક સ્તરે સૌથી શક્તિશાળી ઓનશોર વિન્ડ ટર્બાઈનમાંની એક છે.

**બિઝનેસ ડેવલપમેન્ટ અપડેટ્સ:**

કોન્ટ્રાક્ટેડ પોર્ટફોલિયોમાં નોંધપાત્ર વધારો: AGEL ને MSEDCL સાથે ૨૫-વર્ષના પાવર પરચેઝ એગ્રીમેન્ટ હેઠળ ૫ GW સૌર ઊર્જા સપ્લાય કરવા માટે એવોર્ડ પત્ર મળ્યો છે. જે તેના કોન્ટ્રાક્ટેડ પોર્ટફોલિયોને નોંધપાત્ર રીતે પ્રોત્સાહન આપે છે અને તેને ૨૦૩૦ સુધીમાં તેના ૫૦ GW ધ્યેય તરફ આગળ ધપાવે છે.

ઉદ્યોગોને ડીકાર્બોનાઈઝ કરવાના ઉદ્દેશ્ય સાથે C&I સ્પેસમાં પ્રવેશ: AGEL એ ૬૧.૪ મેગાવોટ રિન્યુએબલ એનર્જી સપ્લાય કરવા પાવર વપરાશ કરાર પર હસ્તાક્ષર કરીને C&I સેગમેન્ટમાં પ્રવેશ કર્યો છે. જે ડેટાસેન્ટરને પાવર આપશે. તે ભારતમાં ક્લાઉડ સેવાઓ અને કામગીરીને સ્વચ્છ ઉર્જા દ્વારા સપોર્ટેડ છે.

ટોટલ એનર્જી સાથે વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત બની: AGEL અને ટોટલ એનર્જીએ કુલ ૧,૧૫૦ મેગાવોટના સૌર પ્રોજેક્ટ્સના પોર્ટફોલિયોનું સંચાલન કરવાના હેતુથી બંને એકમોની સમાન માલિકીની વ્યૂહાત્મક સંયુક્ત સાહસની રચના સાથે ભાગીદારીને મજબૂત બનાવી છે. આ પ્રોજેક્ટ ગુજરાતના ખાવડા ખાતે આવેલા છે. AGEL એ નવા JVમાં તેના પ્રોજેક્ટ્સનું યોગદાન આપ્યું છે, જ્યારે TotalEnergiesએ આ પ્રોજેક્ટ્સના વિકાસને વેગ આપવા માટે USD 444 મિલિયનનું ઈન્જેક્ટ કર્યું છે.

વૈશ્વિક સ્તરે સ્વચ્છ ઉર્જા અપનાવવાને પ્રોત્સાહન: AGEL 'નેટ ઝીરો એલાયન્સ માટે યુટિલિટીઝ'માં જોડાનાર ભારતની સૌપ્રથમ રિન્યુએબલ એનર્જી કંપની છે.

## ડિનર ટેબલ પર પુતિનની બાજુમાં પ્રધાનમંત્રી મોદી

# આખી દુનિયાએ જોઈ ભારત-રશિયાની મિત્રતા



(સંપૂર્ણ સમાચાર સેવા)

**કઝાન, તા.૨૩**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૧૬માં બ્રિક્સ શિખર સંમેલનમાં સામેલ થવા માટે ૨ દિવસના રશિયા પ્રવાસે છે. રશિયામાં કઝાનમાં થનારા સંમેલનમાં અલગથી પીએમ મોદીએ મંગળવારે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમિર પુતિન સાથે મુલાકાત કરી. આ દરમિયાન બંને વચ્ચે ખાસ બોન્ડિંગ જોવા મળ્યું. પુતિને આ વખતે એવી વાત કરી કે ત્યાં હજાર પીએમ મોદી સહિત તમામ લોકો ખડખડાટ હસી પડ્યા. BRICS નેતાઓ માટે આયોજિત ડિનરમાં પણ પુતિન અને પીએમ મોદીની મિત્રતા નજરે ચડી.

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમિર પુતિન અને પીએમ મોદી વચ્ચે રશિયાના કઝાન શહેરમાં થયેલી દ્વિપક્ષીય બેઠકમાં બંને નેતાઓ વચ્ચે ગાઢ મિત્રતાની ઝલક જોવા મળી. દ્વિપક્ષીય બેઠકમાં રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમિર પુતિને કહ્યું કે આપણા સંબંધ એટલા મજબૂત છે કે તમે (પીએમ મોદી) કોઈ પણ અનુવાદ વગર મારી વાત સમજી જશે. જેના પર ગવર્નર પેલેસના રૂમમાં હાસ્ય છલકાઈ ગયું. આ સાથે રશિયન રાષ્ટ્રપતિએ જુલાઈમાં પ્રધાનમંત્રી મોદીની મોસ્કો યાત્રા દરમિયાન થયેલી સાર્થક વાર્તાને યાદ કરી. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમિર પુતિનની વાત સાંભળીને પીએમ મોદી પણ હાસ્ય રોકી શક્યા નહીં. આ સાથે જ તેમની સાથે બાજુમાં બેઠેલા વિદેશમંત્રી એસ જયશંકર પણ હસવા લાગ્યા હતા. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમિર પુતિને BRICS નેતાઓ માટે આયોજિત ડિનરમાં પણ પુતિન અને મોદીની મિત્રતા નજરે ચડી. પીએમ મોદી ડિનર ટેબલ પર પુતિનની બાજુમાં બેઠા અને આ દરમિયાન બંને વાત કરતા જોવા મળ્યા. રાષ્ટ્રપતિ પુતિનની ડિનર પાર્ટીમાં પીએમ મોદી બ્લ્યુ-બ્લેક કોટમાં પહોંચ્યા હતા. આ સાથે તેમણે લાલ રંગનું મફલર પણ પહેર્યું હતું. પુતિનના ડિનરમાં પીએમ મોદી ઉપરાંત શી જિનપિંગ સહિત અન્ય બ્રિક્સ દેશોના રાષ્ટ્રાધ્યક્ષો પણ સામેલ થયા હતા. વ્લાદિમિર પુતિન અને ચીની રાષ્ટ્રપતિ શી જિનપિંગ જ્યારે એકબીજા સાથે વાત કરતા હતા ત્યારે પીએમ મોદી થમ્સ અપનો ઈશારો કરતા જોવા મળ્યા. આ દરમિયાન પુતિન કઈક કહી રહ્યા હતા અને તેમની વાત પર ચીની રાષ્ટ્રપતિ પણ હસતાં જોવા મળ્યા.

## પીએમ મોદીએ બ્રિક્સમાં આતંકવાદ પર કર્યો પ્રહાર

# ચીન-રશિયા સામે મોદીએ કહ્યું બેવડા ધોરણો માટે કોઈ સ્થાન નથી




**મોદીએ કહ્યું હતું કે, આતંકવાદ અને ટેરર ફાઇનાન્સિંગનો સામનો કરવા માટે આપણે બધાએ સાથે આવવું પડશે**



(સંપૂર્ણ સમાચાર સેવા)

**કઝાન, તા.૨૩**

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે (૨૩ ઑક્ટોબર) ના રોજ ૧૬મી બ્રિક્સ સમિટને સંબોધિત કરતી વખતે કહ્યું હતું કે ભારત યુદ્ધનું સમર્થન કરતું નથી, પરંતુ કૂટનીતિ અને વાતચીતનું સમર્થન કરે છે. તેણે ચીન અને રશિયા જેવા મોટા દેશોના પ્રમુખોની સામે પણ આતંકવાદ પર પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે આતંકવાદના મુદ્દે લોકોનું બેવડું વલણ ચાલશે નહીં.

પીએમ મોદીએ કહ્યું, અમારી બેઠક એવા સમયે થઈ રહી છે જ્યારે વિશ્વ યુદ્ધ, સંઘર્ષ, આર્થિક અનિશ્ચિતતા, જળવાયુ પરિવર્તન, આતંકવાદ જેવા અનેક પડકારોથી ઘેરાયેલું છે. વિશ્વમાં ઉત્તર-દક્ષિણ અને પૂર્વ-પશ્ચિમના વિભાજનની ચર્ચા છે. મોંઘવારી નિવારણ, ખાદ્ય સુરક્ષા, ઉર્જા સુરક્ષા, આરોગ્ય સુરક્ષા, જળ સુરક્ષા એ તમામ દેશો માટે પ્રાથમિકતાના વિષયો છે અને ટેકનોલોજીના યુગમાં સાયબર સુરક્ષા, ડીપ ફેક, ડિસઈન્ફોર્મેશન વગેરે નવા પડકારો બની ગયા છે. આવી સ્થિતિમાં બ્રિક્સને લઈને ઘણી અપેક્ષાઓ છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, આતંકવાદ અને ટેરર ફાઈનાન્સિંગનો સામનો કરવા માટે આપણે બધાએ સાથે આવવું પડશે અને મજબૂતીથી સહકાર આપવો પડશે. આવા ગંભીર વિષય પર બેવડા ધોરણોને કોઈ અવકાશ નથી. આપણા દેશના યુવાનોમાં કટ્ટરપંથને રોકવા માટે આપણે સક્રિય પગલાં લેવા જોઈએ. આપણે યુએનમાં આંતરરાષ્ટ્રીય આતંકવાદ પર વ્યાપક સંમેલનના બાકી મુદ્દા પર સાથે મળીને કામ કરવું પડશે.

પ્રધાનમંત્રીએ કહ્યું, હું માનું છું કે એક વૈવિધ્યસભર અને સર્વસમાવેશક પ્લેટફોર્મ તરીકે બ્રિક્સ તમામ વિષયો પર સકારાત્મક ભૂમિકા ભજવી શકે છે. આ સંદર્ભમાં, આપણો અભિગમ લોક કેન્દ્રિત રહેવો જોઈએ. આપણે વિશ્વને આ સંદેશ આપવો જોઈએ કે બ્રિક્સ એ વિભાજનકારી નથી પરંતુ જનહિતકારી જૂથ છે.

વિશ્વ પ્રત્યેના ભારતના અભિગમ પર બોલતા તેમણે કહ્યું, અમે યુદ્ધ નહીં, સંવાદ અને ડિપ્લોમેસીનું સમર્થન કરીએ છીએ અને જેમ આપણે સાથે મળીને કોવિડ જેવા પડકારોનો સામનો કર્યો, એજ રીતે આપણે ભાવી પેઢીઓ માટે સંપૂર્ણ રીતે સક્ષમ, સુરક્ષિત, મજબૂત અને સમૃદ્ધ ભવિષ્ય માટે અવસર પેદા કરવા માટે પુરી રીતે સક્ષમ છીએ.

# તૂર્કીની રાજધાની અંકારામાં મોટો આતંકવાદી હુમલો


(સંપૂર્ણ સમાચાર સેવા)

**અંકારા, તા.૨૩**

તૂર્કીની રાજધાની અંકારામાં મોટો આતંકવાદી હુમલો થયો છે. આતંકીઓએ સંરક્ષણ કંપનીમાં પણ આડેધડ ગોળીબાર કર્યો છે, જેના અનેક લોકોના મોત થયા હોવાના અહેવાલો સામે આવ્યા છે. તૂર્કીના આંતરિક મંત્રીનું કહેવું છે કે, તૂર્કી એરોસ્પેસ અને રક્ષા કંપની TUSASના પરિસર પર હુમલા બાદ અનેક લોકોના મોત અને કેટલાક ઈજાગ્રસ્ત થયા છે. તૂર્કી સરકારના ગૃહમંત્રી અલી યર્લિકાયાએ સોશિયલ મીડિયા પર એક પોસ્ટ કરીને કહ્યું કે, 'આતંકવાદીઓએ દેશની ટોચની સંરક્ષણ કંપનીમાં ફાયરિંગ કર્યું છે, જેના અનેક લોકોના મોત થયા છે. આતંકીઓએ અંકારામાં આવેલી સંરક્ષણ કંપની તૂર્કી એરોસ્પેસ ઈન્ડસ્ટ્રી ઈંક.માં હુમલો કરતા અનેક લોકોના મોત અને ઘણાં લોકો ઈજાગ્રસ્ત થયા છે.' જોકે, અલી યેર્લિકાયાની રાજધાનીના બહારના વિસ્તારમાં સ્થિત તૂર્કી એરોસ્પેસ ઈન્ડસ્ટ્રીઝ હુમલા અંગે વધુ માહિતી આપવામાં આવી નથી. તૂર્કીની ટોચની સંરક્ષણ કંપની જૂના F-16 ફાઈટર જેટ્સના મેઈન્ટેનન્સનું કામ કરે છે. આ કંપની પોતાના TF-X પ્રોગ્રામ હેઠળ લશ્કરી એરક્રાફ્ટ સહિતના અને સંરક્ષણના સિસ્ટમોનું ઉત્પાદન કરે છે. આ કંપનીએ આ વર્ષે આંતરરાષ્ટ્રીય એર શોમાં અત્યાધુનિક મલ્ટિરોલ હેલિકોપ્ટર પણ રજૂ કર્યું હતું. તેમણે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં લખ્યું કે, તૂર્કી એરોસ્પેસ ઈન્ડસ્ટ્રીઝ અંકારા કાહરમંકાઝાન સુવિધાઓ વિરૂદ્ધ એક આતંકવાદી હુમલો કરાયો હતો.

## ચાઈનાને કહી દીધું- સરહદ પર શાંતિ-સ્થિરતા જાળવો

# ૫ વર્ષ બાદ પીએમ મોદી અને ઝિનપિંગ મળ્યા




**બંને નેતા વચ્ચે લગભગ એક કલાક સુધી વાતચીત થઈ**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**કઝાન, તા.૨૩**

રશિયાના કઝાનમાં બ્રિક્સ સમિટથી ઈતર પીએમ મોદી અને ચીનના રાષ્ટ્રપતિ ઝિનપિંગની મુલાકાત થઈ છે. બંને નેતાઓ વચ્ચે લગભગ એક કલાક સુધી વાતચીત થઈ. આ મુલાકાત બાદ પીએમ મોદીએ કહ્યું કે, સરહદ પર શાંતિ અને સ્થિરતા બનાવી રાખવી આપણી પ્રાથમિકતા હોવી જોઈએ. ૫ વર્ષ બાદ આપણી એટલે કે ચીન સાથે મુલાકાત થઈ છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, આપસી વિશ્વાસ, આપસી સન્માન અને આપસી સંવેદનશીલતા આપણા કૂટનીતિક સંબંધોની આધારશિલા હોવી જોઈએ. પીએમ મોદીએ ઝિનપિંગને કહ્યું કે, અમે સરહદ કરારનું સ્વાગત કરીએ છીએ.

બેઠક દરમ્યાન પીએમ મોદીએ ભારત-ચીન સંબંધોના મહત્વનો સ્વીકાર કર્યો. પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે, આપણે પાંચ વર્ષ બાદ ઔપચારિક રીતે બેઠક કરી રહ્યા છીએ. અમારુ માનવું છે કે, ભારત-ચીન સંબંધ ન ફક્ત આપણા લોકો માટે પણ વૈશ્વિક શાંતિ, સ્થિરતા અને પ્રગતિ માટે પણ ખૂબ જ મહત્વપૂર્ણ છે. બેઠક દરમ્યાન બંને નેતાઓએ સહમતિ વ્યક્ત કરી કે ભારત-ચીન સરહદના સવાલ પર વિશેષ પ્રતિનિધિ સીમા ક્ષેત્રોમાં શાંતિ અને સૌહાર્દની પ્રબંધન દેખરેખ કરશે. સાથે જ આ મુદ્દાને નિષ્પક્ષ, યોગ્ય અને પારસ્પરિક રીતે સ્વીકાર્ય સમાધાન શોધવા માટે ટૂંક સમયમાં બેઠક કરશે.

## ટમેટા, ડુંગળી, બટેકાના ભાવમાં ધરખમ વધારો

# શાકભાજીના ભાવ આસમાને પહોંચતા ઘરનું બજેટ ખોરવાયું

(સંપૂર્ણ સમાચાર સેવા)

**વડોદરા, તા.૨૩**

દિવાળી-નવા વર્ષના તહેવારોના પ્રારંભિક દિવસોમાં જ શાકભાજીના ભાવ આસમાને પહોંચતા ગૃહિણીઓના ઘરનું બજેટ ખોરવાયું છે. આવા દિવસોમાં સામાન્ય રીતે શાકભાજીના ભાવ પ્રમાણમાં ખૂબ ઓછા હોય છે પરંતુ ભારે વરસાદ અને કોલ્ડ સ્ટોરેજની વ્યવસ્થા ન હોવાના કારણે સપ્લાય ચેનને ભારે અસર થઈ છે. સામાન્ય રીતે આ સિઝનમાં રૂ.૨૦થી ૨૫ કિલોના ભાવે મળતા અને મોટાભાગના તમામ શાકમાં વપરાતા ટમેટા છૂટક બજારમાં હાલ રૂ.૧૨૦ના ભાવે વેચાઈ રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે દિવાળી-નવા વર્ષના તહેવારો અગાઉ શાકભાજીના ભાવ પ્રમાણમા ખૂબ ઓછા હોય છે. પરંતુ ચોમાસામાં સિઝન કરતા પડેલો દોઢ ગણો વરસાદ તથા હવામાન મુખ્ય કારણભૂત છે તેવી જ રીતે શાકભાજીના સંગ્રહ કરવાની સમસ્યાનું પણ કોઈ નિવારણ નથી. આવી જ રીતે પુરવઠાની સમસ્યા



પણ જવાબદાર છે. ઘણીવાર ભારે હવામાનના કારણે શાકભાજી ઝડપથી બગડી જાય છે. પરિણામે ફેંકી દેવાનો વખત વેપારીઓને આવે છે. આવી જ રીતે કોલ્ડ સ્ટોરેજની પણ સમસ્યા શાકભાજી વાળાને નડી રહી છે. આવી અનેક સમસ્યાઓ શાકભાજીના ભાવ વધવા માટે કારણભૂત છે.

હાલ બટાકાના ભાવ જે સામાન્ય રીતે કિલોના ૨૫ થી ૩૦રૂપિયા, જ્યારે ડુંગળીના ભાવ રૂ.૨૦ના બદલે રૂ.૧૦૦ પર પહોંચ્યો છે. આવી જ રીતે તમામ શાકભાજીમાં વપરાતા ટમેટા પણ છૂટક બજારમાં કિલોના રૂપિયા ૧૨૦જેવા થયા છે. ઉપરાંત સપ્લાય ચેઈનની પણ ખૂબ મોટી અસર શાકભાજીના ભાવ પર પડતી હોય છે. સિઝનમાં આવા જ સમયે શાકભાજીની ઉપજ વધી જતા ભાવ એકદમ તળિયે આવી જાય છે. પરિણામે ઘણીવાર ખરીદનાર કોઈ નહીં હોવાથી વેપારીઓને શાકભાજી ફેંકી દેવાનો પણ વખત આવતો હોય છે. જોકે શાકભાજી માટે સંગ્રહ બિલકુલ શક્ય નથી. પરિણામે હાલ શાકભાજીના ભાવ પર ભારે અસર પડી છે. આગામી દિવાળી અને નવા વર્ષના તહેવારોમાં પણ શાકભાજીના ભાવ ઘટવાની કોઈ શક્યતા જણાતી નથી.

## ગુજરાતના સરકારી કર્મચારીઓ માટે ખુશીના સમાચાર

# દિવાળીના તહેવાર પર ચાર દિવસની રજા જાહેર

(સંપૂર્ણ સમાચાર સેવા) **અમદાવાદ, તા.૨૩**

રાજ્ય સરકારના કર્મચારીઓ માટે ખુશીના સમાચાર આવ્યા છે. જેમાં રાજ્ય સરકાર દ્વારા કર્મચારીઓ માટે ચાર દિવસની રજા જાહેર કરવામાં આવી છે. જેમાં દિવાળી બાદ પડતર દિવસે પણ રજા જાહેર કરાઈ છે. જેને લઈને સરકારી કર્મચારીઓમાં ખુશીનો માહોલ છે. રાજ્ય સરકાર દ્વારા જાહેર કરાયેલ પરિપત્ર અનુસાર, કેલેન્ડર વર્ષ ૨૦૨૪મુજબ તા.૩૧-૧૦-૨૦૨૪ ગુરુવારે દિવાળીની રજા, તા.૨-૧૧-૨૦૨૪ શનિવારના રોજ નૂતન વર્ષની રજા તથા તા.૩-૧૧-૨૦૨૪ રવિવારના દિવસે ભાઈબીજ નિમિત્તે જાહેર રજા આવે છે. આ વચ્ચે તા.૧-૧૧-૨૦૨૪ શુક્રવારના રોજ સરકારી કચેરીઓ ચાલુ રહેવાની હતી. જોકે, દિવાળી પર્વમાં સરકારી કર્મચારી/અધિકારીઓ તહેવારો માણી શકે તે હેતુથી તા.૧-૧૧-૨૦૨૪ શુક્રવારના રોજ તમામ સરકારી કચેરીઓ (જેમાં પંચાયત અને રાજ્ય સરકારના બોર્ડ/કોર્પોરેશન સહિત) બંધ રહેશે અને તેના બદલામાં ૯-૧૧-૨૦૨૪ બીજા શનિવારના રોજ આ તમામ કચેરીઓ ચાલુ રહેશે. આ હુકમો ગુજરાત સરકારની બધી કચેરીઓને તથા રાજ્ય સરકાર હસ્તકના બોર્ડ/કોર્પોરેશન તેમજ પંચાયત કચેરીઓને પણ લાગુ પડશે.

## સુરતના ટેક્સટાઇલ ઉદ્યોગમાં ભારે તેજીને પગલે વેપારીઓમાં ખુશીનો માહોલ

# સુરતમાંથી રોજ ૩૫૦થી વધુ ટ્રક માલ થાય છે સપ્લાય

**કાપડ મંડીના વેપારીઓ દ્વારા દિવાળી, છઠ પૂજા અને લગ્નસરાની એડવાન્સ ખરીદી કરવામાં આવી રહી છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**સુરત, તા.૨૩**

કોરોનાકાળ બાદ સતત મંદીના માહોલમાંથી પસાર થતાં સુરતના ટેક્સટાઈલ ઉદ્યોગને સામી દિવાળીએ ભારે તેજી છે. જ્યાં છેલ્લા આઠ વર્ષનો રેકોર્ડ આ દિવાળીએ તૂટવા જઈ રહ્યો છે. જેની પાછળનું કારણ અલગ અલગ રાજ્યમાંથી આવેલી કાપડ મંડીના વેપારીઓ દ્વારા દિવાળી, છઠ પૂજા અને લગ્નસરાની એડવાન્સ ખરીદી કરવામાં આવી રહી છે. જ્યાં પ્રતિદિવસ કાપડની ૩૫૦ જેટલી ટ્રક ટ્રાન્સપોર્ટ મારફતે અન્ય રાજ્ય બહાર જઈ રહી છે. જેની સાથે સાથે એર કાર્ગો, ટ્રેન અને ટ્રાવેલ્સ મારફતે પણ કાપડ રાજ્ય બહાર મોકલવામાં આવી રહ્યો છે. જ્યાં ચાલુ વર્ષે ૧૫ હજાર કરોડના વેપારની આશા વેપારીઓએ વ્યક્ત કરી છે.

એશિયાની સૌથી મોટી ટેક્સટાઈલ માર્કેટ સુરતમાં આવેલી છે. સુરતને ટેક્સટાઈલ તરીકેનું હબ ગણવામાં આવે છે. જેથી અલગ અલગ રાજ્યના વેપારીઓ અહીં ખરીદી માટે આવે છે. સુરતનું ટેક્સટાઈલ ઉદ્યોગ વર્ષ ૨૦૧૬ ના કોરોના કાળ બાદ મંદિરના માહોલમાંથી પસાર થતો આવ્યો છે. સતત મંદીના માહોલમાંથી પસાર થતાં ટેક્સટાઈલ ઉદ્યોગને આ વખતની દિવાળી ફળે તેવી આશા જાગી છે. ટેક્સટાઈલ ઉદ્યોગનો મુખ્ય વેપાર નવરાત્રી, દુર્ગા પૂજા , દિવાળી, છઠ પૂજા અને લગ્નસરાની સીઝનમાં રહેલો છે. ગત વર્ષે માત્ર ૯૦ દિવસ દરમિયાન સુરતના ટેક્સટાઈલ ઉદ્યોગના વેપારીઓ દ્વારા ૧૨,૦૦૦ કરોડનો વેપાર કરવામાં આવ્યો હતો. જે ચાલુ વર્ષે ૧૫૦૦૦ કરોડને પાર કરી જાય તેવી આશા વેપારીઓએ વ્યક્ત કરી છે.

સુરતના રીંગરોડ વિસ્તારમાં ૧૬૫થી પણ વધુ ટેક્સટાઈલ માર્કેટ આવેલી છે. જે માર્કેટની અંદર ૭૫ હજારથી વધુની દુકાનોનો સમાવેશ થાય છે. દિવાળીને હવે ગણતરીના દિવસો બાકી છે. ત્યારે આ માર્કેટમાં તેજીનો માહોલ જોવા મળી રહ્યો છે. ટેક્સટાઈલ માર્કેટના વેપારીઓના જણાવ્યા પ્રમાણે છેલ્લા આઠ વર્ષની અંદર આવો દિવસ ક્યારેય જોયો નથી. જ્યાં પ્રતિ દિવસ ૩૫૦થી વધુ ટ્રક માલ ભરી રાજ્ય બહાર જઈ રહી છે. એટલું જ નહીં પરંતુ રાજ્યની અલગ અલગ કપડા મંડીમાંથી આવતા વેપારીઓ દ્વારા આપવામાં આવતા મબલક ઓર્ડરોને લઈ ટ્રેન, એર કાર્ગો, ટ્રાવેલ્સ સહિતના માધ્યમો દ્વારા પણ માલ અન્ય રાજ્યો બહાર મોકલવામાં આવી રહ્યો છે. ઓર્ડરની સામે પ્રોડક્શન પણ ઓછું પડી ગયું છે. કારણ કે મધ્યપ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્ર જેવા રાજ્યોમાંથી વેપારીઓને મોટા ઓર્ડરો પ્રાપ્ત થઈ ગયા છે. જે ઓર્ડરને પહોંચી વળવામાં પણ વેપારીઓના પાસે સમય ઓછો છે. છતાં પણ પ્રોડક્શન વધારી આ ઓર્ડરને પૂરો કરવા માટે વેપારીઓ સક્ષમ છે. ટેક્સટાઈલ ઉદ્યોગનો પ્રમુખ તહેવાર એ દિવાળીનો છે. માત્ર ૯૦ દિવસના સમયગાળા દરમિયાન વેપારીઓ સંપૂર્ણ વર્ષનો વેપાર કરી લે છે. ગત વર્ષે ૧૨૦૦૦ કરોડનો વેપાર થયો હતો જે ચાલુ વર્ષે ૧૫૦૦૦ને પાર કરી જાય તેવી આશા છે.

મહત્વનું છે કે દિવાળીના વેકેશન બાદ માર્કેટની દુકાનો ઝડપથી ખુલતી નથી. જેના કારણે અન્ય રાજ્યની કાપડ મંડીના વેપારીઓ સુરત આવતા નથી. જેથી હાલ જ એડવાન્સમાં આ વેપારીઓ દિવાળી, છઠ પૂજા, લગ્નસરા જેવી સીઝનની એડવાન્સ ખરીદી કરી રહ્યા છે. જેનો સીધો લાભ હાલ સુરતના ટેક્સટાઈલ ઉદ્યોગને થઈ રહ્યો છે. ટેક્સટાઈલ ઉદ્યોગ સાથે સંકળાયેલા વેપારીઓએ આ વખતે ૧૫૦૦૦ કરોડનો વેપાર થવાની આશા વ્યક્ત કરી છે. જેના કારણે આ વખતની દિવાળી વેપારીઓ માટે ખુશી લઈને આવી છે.

## ભારે વરસાદને કારણે ખેડૂતોનો પાક નાશ પામ્યો છે

# જયેશ રાદડિયાએ સૌરાષ્ટ્રના ખેડૂતોને નુકસાનીનું વળતર ચૂકવવા કરી માંગ




જયેશ રાદડિયા
22 OCT 2024
પ્રતિ,
શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ,
માન. મુખ્યમંત્રીશ્રી- ગુજરાત રાજ્ય,
સ્વર્ણિમ સંકુલ-૧,
સચિવાલય,
ગાંધીનગર.
વિષય:- સૌરાષ્ટ્રના ખેડૂતોને પાક નુકસાનીનું વળતર ચૂકવવા બાબતે
આદરણીયશ્રી,
કુશળ હશો.
આપનો સ્નેહાધીન,
(જયેશ રાદડીયા)

**ભારે વરસાદને કારણે મગફળી, કપાસ, સોયાબીન, તુવેર, તલ, મરચા જેવા પાકો સંપૂર્ણપણે નાશ પામ્યા છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**અમદાવાદ,તા.૨૩**

ગુજરાતમાં પડેલા ભારે વરસાદને કારણે ખેડૂતોનો પાક નાશ પામ્યો છે, ધારાસભ્ય જયેશ રાદડિયાએ મુખ્યમંત્રી અને કૃષિ મંત્રીને પત્ર લખીને વળતરની માંગ કરી છે, સૌથી વધુ નુકસાન સૌરાષ્ટ્રના ખેડૂતોને થયું છે અને વળતરની માંગ કરી છે.

ધારાસભ્ય જયેશ રાદડિયા ખેડૂતો વચ્ચે પહોંચ્યા છે. ભારે વરસાદને કારણે મગફળી, કપાસ, સોયાબીન, તુવેર, તલ, મરચા જેવા પાકો સંપૂર્ણપણે નાશ પામ્યા છે, જેના કારણે ખેડૂતોને રોકડ રકમ ઉપરાંત તૈયાર પાક પણ ગુમાવવો પડ્યો છે. પૂર આવ્યું છે જેના કારણે પાક નાશ પામ્યો છે, આ પાકની સહાયની રકમ વહેલી તકે ચૂકવવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે.

સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાત સહિતના કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદને કારણે ખેડૂતોના પાક અને જમીનો ધોવાઈ ગયા હતા. જેના કારણે ખેડૂતોને ભારે નુકસાન થયું છે. ત્યારે રાજ્ય સરકાર ભારે વરસાદને કારણે રાહત પેકેજ જાહેર કરશે. રાજ્ય સરકાર ખેડૂતોને આર્થિક મદદ કરે છે અને પાકનો સર્વે કરીને ખેડૂતોને મદદ કરે છે. પરંતુ ભારે વરસાદ અને પૂરની સમસ્યાનો સામનો કરી રહેલા ગુજરાતના ખેડૂતોને સરકારી મદદના નામે એક પૈસો પણ મળી શક્યો નથી.

૩૫૦ કરોડની રાહત રકમની જાહેરાત કરવામાં આવી હતી. જુલાઈના અંતમાં અતિવૃષ્ટિથી થયેલા નુકસાનની ભરપાઈ કરવામાં આવી રહી છે. ઓગસ્ટ મહિનામાં ભારે વરસાદને કારણે ખેડૂતોના પાકને થયેલા નુકસાન અને ખેતીની જમીનના ધોવાણના સર્વેની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. સરકાર ટૂંક સમયમાં રાહતની જાહેરાત કરશે. આ તમામ સર્વેની ચૂકવણી કરવાની રહેશે. આટલા મોટા રાજ્યમાં સર્વે કરાવવો મુશ્કેલ કામ છે. અઠવાડિયાના વરસાદ બાદ ખેતરોમાં પાણી ભરાઈ ગયા હતા. તેથી, સર્વેમાં થોડો વિલંબ થયો છે. પરિણામે, આ પ્રક્રિયા ઓછા સમયમાં પૂર્ણ થશે.

# પદ્મિનીબાના ત્રાસથી ભાવનગર કરણી સેનાના ઉપપ્રમુખે ઝેરી દવા પી લીધી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ભાવનગર,તા.૨૩**

ભાવનગર જિલ્લાના કરણીસેનાના ઉપપ્રમુખે પોતાના ઘરે ઝેરી દવા પી લેતા ભારે ચકચાર મચી જવા પામી છે.

રવિરાજસિંહ ગોહિલ (ખદરપર)એ રાજકોટના ક્ષત્રિય આગેવાન પદ્મિનીબા વાળાના માનસિક ત્રાસથી કંટાળી ખેતીમાં છાંટવાની ઝેરી દવા પી લઈ આપઘાતનો પ્રયાસ કર્યો હોવાનું સોશિયલ મીડિયામાં વાઈરલ થયું હતું. જેના પગલે ચકચાર મચી છે. હાલ રવિરાજસિંહ ગોહિલને ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ ભાવનગર શહેરમાં રહેતા અને મુળ તળાજા તાલુકાના ખદરપર ગામના અને ભાવનગર જિલ્લાના કરણીસેનાના ઉપપ્રમુખ રવિરાજસિંહ ગોહિલએ પોતાના ઘરે ઝેરી દવા ગટગટાવી લીધી હતી. આથી તેમને તાત્કાલિક ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

સૂત્રોએ જણાવ્યું હતું કે, છેલ્લા ઘણા સમયથી રાજકોટના મહિલા ક્ષત્રિય આગેવાન પદ્મિનીબા વાળા રવિરાજસિંહ ગોહિલ સાથે કોઈ બાબતે માથાકૂટ ચાલી આવતી હતી. તેમાં પદ્મિનીબા વાળાએ અવારનવાર માનિસક ત્રાસ ગુજારી, અડધી રાત્રે ફોનમાં ધમકી આપી, ખોટા આક્ષેપો કરતા હતા. જેમાં રવિરાજસિંહને લાગી આવતા ઝેરી દવા ગટગટાવી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હોવાનું ચર્ચાય છે. આ ઘટના સોશિયલ મીડિયામાં વાયરલ થઈ હતી.

અમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# દાનહના સુરંગીમાં આવેલ નીતિન કાસ્ટિંગ લિમિટેડ કંપનીમાં લાગેલી આગઃ એક વ્યક્તિ ઈજાગ્રસ્ત





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) સેલવાસ, તા.૨૩**

દાદરા નગર હવેલીના સુરંગી ગામે આવેલ નીતિન કાસ્ટિંગ લિમિટેડ કંપનીમાં કોઈક કારણસર મશીનમાં ધમાકા સાથે બ્લાસ્ટ થયો હતો, જેના કારણે આગ પણ પકડી લીધી હતી આ ઘટનામાં એક મશીન ઓપરેટરને ઈજા થઈ હતી. જેને તાત્કાલિક સારવાર માટે સબ જિલ્લા હોસ્પિટલ ખાનવેલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યો હતો.

નીતિન કાસ્ટિંગ લિમિટેડ કંપનીમાં આગ લાગવાના કારણે સંચાલકો દ્વારા ફાયર વિભાગને ટેલીફોનિક જાણ કરાતા ફાયર ફાઈટરોની ટીમ તાત્કાલિઘ ઘટના સ્થળે ધસી આવી હતી અને આગને ઓલવવાની કામગીરી શરૂ કરી દીધી હતી. જેમાં એક કલાકની ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો. આ ઘટનામાં એક વ્યક્તિને ઈજા થવા સિવાય અન્ય કોઈ જાનહાનીની ઘટના બનવા પામેલ નથી.

# વલસાડ તાલુકાના ધરાસણા ગામના ચિલ્ડ્રન હોમની બાળાઓને વસ્ત્રોનું વિતરણ કરાયું




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) વલસાડ, તા.૨૩**

વલસાડ તાલુકાના ધરાસણા ગામ ખાતે આવેલ ચિલ્ડ્રન હોમ ખાતે રાખવામાં આવેલ બાળાઓને વસ્ત્રોનું વિતરણ કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. ડુંગરી ગામના સેવાભાવી કાર્યકર જગદીશ ખારા દ્વારા તેમના પિતા સદગત મણિલાલ ખારા અને માતા સદગત ચંપાબેન ખારાની પુનિત સ્મૃતિમાં ચિલ્ડ્રન હોમની તમામ બાળાઓને વસ્ત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે પ્રાસંગિક ઉદબોધનમાં સામાજિક કાર્યકર જગદીશ ખારાએ જણાવ્યું હતું કે, ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા નિરાધાર અને અનાથ બાળકોની સુરક્ષા, દેખરેખ, માવજત અને શિક્ષણ આપવાનું ઉમદા કાર્ય કરવામાં આવે છે. ધરાસણા ગામ ખાતે ના આ ચિલ્ડ્રન હોમનું સંચાલન એગ્રીકલચર અને રૂરલ ડેવલોપમેન્ટ ફાઉન્ડેશન સંસ્થાના પ્રમુખ તારાબેન ખાંડાવાલા હસ્તક ચાલી રહ્યું છે. તેમણે કહ્યું કે તેમના માતા પિતા એ તેમને સેવા અને સંસ્કારનો વારસો આપ્યો છે. સમાજના નિરાધાર અને તરછોડાયેલા લોકો અને બાળકો પ્રત્યે તેમના પિતા મણિલાલ ખારાને અપાર પ્રેમ અને લાગણીઓ હતી. એટલે તેમની પુનિત યાદમાં દર વર્ષે જુદા જુદા વિસ્તારમાં જઈ તેમના પરિવાર દ્વારા ગરીબ, નિરાધાર અને પછાત બાળકોને સહાય કરવાનો સેવા યજ્ઞ કરવામાં આવી રહ્યો છે. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ તારાબેન ખાંડાવાલાએ ચિલ્ડ્રન હોમની જાણકારી આપી જગદીશ ખારા અને તેમના પરિવારની સેવા ભાવનાને બિરદાવી હતી. આ પ્રસંગે ચીખલીના જાદુગર ડી. રાજાએ જાદુનો કાર્યક્રમ રજુ કરી બાળકોને મનોરંજન પૂરું પાડ્યું હતું. આ કાર્યક્રમમાં વલસાડના એડવોકેટ જગદીશ પટેલ, નિલય ખારા, ઉર્વીબેન ખારા, ચિલ્ડ્રન હોમના હિનાબેન પટેલ, ઈલાબેન પટેલ અને સ્ટાફ હાજર રહ્યા હતા.

# વલસાડના કકવાડી ગામે દરિયામાં માછીમારી કરતા શખ્સનું ઉલટી થતાં મોત

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) વલસાડ, તા.૨૩**



વલસાડ તાલુકાના કકવાડી ગામે મેથીયા ફળિયાના દરિયા કિનારેથી ૯ નોટીકલ માઈલના અંતરે દરિયામાં બોટમાં માછીમારી કરવા ગયેલા ૫૦ થી ૫૫ વર્ષીય અશોકભાઈનું તા.૧૫/૧૦/૨૦૨૪ના કલાક ૨૧-૦૦ થી તા.૧૬/૧૦/૨૦૨૪ના કલાક ૧૦-૦૦ દરમિયાન સતત ઉલટી થવાને કારણે મોત નિપજ્યુ હતું. જેઓ પાતળો બાંધો ધરાવે છે. કાળા કલરનો બરમુડો પહેરેલો છે. જમણા હાથના બાવડા ઉપર શિવજીનું છુંદણું તથા ડાબા હાથના બાવડા ઉપર સૂર્યના નિશાનમાં અંગ્રેજીમાં M નું છુંદણુ પડાવેલુ છે. જેના પુરા નામ અને સરનામાની જાણ ન હોવાથી વાલી વારસો મળી આવ્યા નથી. જે કોઈને પણ તેમની ભાળ મળે તો ડુંગરી પોલીસ મથકે ફોન નં. ૦૨૬૩૨- ૨૮૫૩૯૪ ઉપર જાણ કરવા અખબારી યાદીમાં જણાવાયું છે.

### કાકડકોપર ગામે સંતપ્રવર શ્રી વિજ્ઞાનદેવજી મહારાજની સંકલ્પ યાત્રા

# કન્યાકુમારી થી કાશ્મીર વાર્ષિક મહોત્સવનો આધ્યાત્મિક સંદેશ લઈને આવશે

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૨૩**



વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના કાકડકોપર ગામે વિહંગમયોગ સંત સમાજનો ૧૦૧મો વાર્ષિક મહોત્સવનો આધ્યાત્મિક સંદેશ લઈને સદગુરુ ઉત્તરાધિકારી સંત પ્રવર શ્રી વિજ્ઞાનદેવજી મહારાજની સંકલ્પ યાત્રા કન્યાકુમારી થી કાશ્મીર સુધીની છે. જે યાત્રા અંતર્ગત ૨૬મી ઓક્ટોબર ૨૦૨૪ના શનિવારે સાંજે ૫.૦૦ કલાકે આ સંકલ્પ યાત્રા સિલ્વર લીફ હોટલ કાકડકોપર દંડકારણ્યની પવિત્ર ભૂમિ પર આવશે.

દિપ પ્રાગટ્ય સ્વામી વિજ્ઞાન વલ્લભદાસજી-ગાંધીઆશ્રમ મોંટાપોંઢા સ્વામી હરિ વલ્લભદાસજી - સ્વામી નારાયણ એજ્યુકેશન ટ્રસ્ટ મોંટાપોંઢા અતિથિ વિશેષ જીતુભાઈ ચૌધરી M.L.A કપરાડા, કમલેશભાઈ પટેલ (મહામંત્રી વલસાડ BJP), ગુલાબભાઈ રાઉત જિલ્લા પંચાયત સભ્ય, વિપુલભાઈ ભોયા પ્રમુખ યુવા મોરચા કપરાડા ઉપસ્થિત રહેશે. તો સદર આધ્યાત્મિક યાત્રાનો સંત પ્રવરના સાનિધ્યમાં સપરિવાર લાભ લેવા શૈલેષભાઈ પટેલ, કલ્પેશભાઈ પટેલ દ્વારા હાર્દિક આમંત્રણ આપવામાં આવ્યુ છે.

# કપરાડાની લવકર પીએચસીમાં વિશ્વ આયોડિન ઉણપ નિવારણ દિવસની ઉજવણી કરાઈ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) વલસાડ, તા.૨૩**

વલસાડ જિલ્લાના ૫૨ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને ૭ શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે વિશ્વ આયોડિન ઉણપ નિવારણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત કપરાડા તાલુકાના લવકર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે આ દિનની ઉજવણી નિમિત્તે કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૫૦ થી ૬૦ સગર્ભા બેનોના આરોગ્યની તપાસ કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં જિલ્લા આરોગ્ય કચેરીના માહિતી, શિક્ષણ અને પ્રસારણ અધિકારી પંકજભાઈ પટેલે જણાવ્યુ કે, દર વર્ષે ૨૧ ઓક્ટોબરના રોજ આ દિવસ ઉજવવામાં આવે છે. આયોડિન યુક્ત મીઠુ શારીરિક અને માનસિક વિકાસ માટે ખૂબ જ મહત્વનું છે. શરીરમાં આયોડિનની ઉણપથી સગર્ભાવસ્થામાં અને આવનાર નવજાત બાળકોને ખૂબ જ ગંભીર અસર કરે છે. ગોઈટર (ગલગંડ), માનસિક પંગુતા, કસુવાવડ, ઠીંગણાપણુ જેવા રોગો થાય છે. આયોડિનએ ગર્ભધારણથી લઈને જન્મ પછીના બે વર્ષ સુધીના બાળકો માટે આવશ્યક પોષક તત્વો છે. આયોડિન જરૂરીયાતની પૂર્તિ અનાજ અને ધાન્ય ખોરાકમાંથી થાય છે. પૂરતા પ્રમાણમાં આયોડિન ન મળે તો થાઈરોઈડ ગ્રંથિને અસર કરે છે. આયોડિન માટેની જાગૃતતા લાવવા માટે આ દિવસ ઉજવાય છે. આજના ફાસ્ટફૂડ જમાનામાં આયોડિનયુક્ત મીઠાની ઉણપને લીધે બિમારીઓનું જોખમ વધી રહ્યું છે.

# ચીખલી રાનકુવા ગ્રામ પંચાયતની બે-બે વખત નોટિસ છતાં ગેરકાયદે બાંધકામનો ધમધમાટ

**ગેરકાયદેસર બાંધકામ પર લગામ કસવા માટે સ્થાનિક તંત્ર કાર્યવાહી કરે તેવી લોકોની માંગ**


-તસવીરઃ દિપક સોલંકી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) ચીખલી (વંકાલ), તા.૨૩**

રાનકુવા ગામે બ્લોક નંબર ૧૩૪૨/ પૈકી ૧ (જૂનો નં.૯૮) વાળી બિનખેતીની જમીનમાં કરવામાં આવી રહેલ બાંધકામ બાબતે રાનકુવા ગ્રામ પંચાયત દ્વારા બજરંગ લાલ ગણપતરામ વગેરેને નોટીશ પાઠવી બાંધકામ એન.એ.ના હુકમ, નગર નિયોજક દ્વારા મંજૂર કરાવેલ પ્લાન, બાંધકામ પરવાનગી વગેરે આધાર પુરાવા સાથે દિન-૭ માં લેખિત ખુલાસો કરવામાં જણાવાયું છે. જોકે આ પ્રકારની નોટીશ બીજી વખત પણ આપવા છતાં સ્થળ પર બાંધકામ યથાવત સ્થિતિમાં ચાલુ જ જાણવા મળેલ છે. વધુમાં ઉપરોક્ત બાંધકામ કરતી વખતે નગર નિયોજકની કચેરીમાંથી કોઈ પણ પ્રકારના બાંધકામના નકશા પણ મંજૂર ન કરાવી નીતિ નિયમોની ઐસીતૈસી કરી બાંધકામ કરવામાં આવી રહેલ છે. સાથે ડ્રેનેજની પૂરતી વ્યવસ્થા સહિત બિનખેતીની શરતોનો પણ આ બાંધકામમાં ખુલ્લેઆમ ભંગ થઈ રહ્યો હોવાનું જાણવા મળેલ છે. રાનકુવા ગ્રામ પંચાયતની બે વારની નોટીશ આ રીતે ઘોળી ને પી જવામાં આવતી હોય તેવામાં સ્થાનિક વહીવટી તંત્રનો આ પ્રકારે ગેરકાયદેસર બાંધકામ કરનારાઓ પર કોઈ અંકુશ રહ્યો નથી અને તેઓને ગેરકાયદેસર બાંધકામ કરવા માટે મોકળું મેદાન મળી જવા પામ્યું છે ત્યારે સ્થાનિક તંત્ર દ્વારા આ બાંધકામ તાત્કાલિક ધોરણે અટકાવી જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તે જરૂરી છે.

**રાનકુવા-વાંસદા રોડ પર ૧૧ કેવી હાઈટેન્શન વીજ લાઈન પસાર થાય**

રાનકુવામાંથી અગિયાર કેવી જેવી હાઈટેનશન હેવી વીજલાઈન પણ પસાર થાય છે આ વીજલાઈનથી નિયમોનુસાર છોડવાનું થતું અંતર પણ ન છોડી બાંધકામ કરવામાં આવી રહ્યું છે અને સમગ્ર બાબતે તંત્ર દ્વારા આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે પરંતુ અંતર ન છોડી એન એની શરતો, જેટકોની એનઓસીનો પણ ભંગ કરવામાં આવી રહેલ છે જે ભવિષ્યમાં લોકો માટે ઘાતક પુરવાર થાય તો નવાઈ નહિ ત્યારે આ માટે તંત્ર કુંભકર્ણની નિંદ્રામાંથી જાગે તે જરૂરી છે.

# સલવાવ ઘનશ્યામ વિદ્યામંદિરમાં સલાડ ડેકોરેશન સ્પર્ધા યોજાઈ

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૨૩**






શ્રી ઘનશ્યામ વિદ્યામંદિર શાળા દ્વારા સલાડ ડેકોરેશન સ્પર્ધાનું આયોજન કરાયું હતું.

શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ સલવાવ દ્વારા સંચાલિત શ્રી ઘનશ્યામ વિદ્યામંદિર સલવાવ દ્વારા સલાડ ડેકોરેશન સ્પર્ધાનું આયોજન શાળાના આચાર્ય ચંદ્રવદન પટેલના માર્ગદર્શનમાં તમામ શિક્ષકોના સહયોગથી કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં ધોરણ ૧ થી ૮ ના તમામ વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહભેર ભાગ લઈ સરસ મજાનું વિવિધ ફળો અને શાકભાજીનો ઉપયોગ કરી વિવિધ આકારો લઈ સલાડ ડેકોરેશન તૈયાર કર્યું હતું. બાળકો દ્વારા તૈયાર કરાયેલ આ ડેકોરેશનને નિહાળતા સૌ કોઈ મોહિત થઈ ગયા હતા.

સ્પર્ધામાં વિજય થયેલા વિદ્યાર્થીઓને પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંક આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. જેમાં ધો.૧ માં પ્રથમ ક્રમાંક નીલ આર નાયક, ધો.૨ માં વૈદેહી એસ ખાનોલી, ધો.૩ માં દ્રષ્ટિ એસ સોલંકી, ધો.૪ માં ધ્યાની આર. પટેલ ધો.૫ માં રાજવીર બી. પાવરા, ધો.૬ માં દિયા એચ. રાવતા ધો.૭ માં રિદ્ધિ આર. પટેલ અને ધો.૮ માં જૈનીલ એસ. પટેલે પ્રાપ્ત કરતા સ્પર્ધામાં વિજેતા થયેલ સર્વે વિદ્યાર્થીઓને શાળાના મેનેજિંગ ટ્રસ્ટી કપિલ સ્વામીજી, તમામ ટ્રસ્ટીગણો, કેમ્પસ એકેડેમિક ડિરેક્ટર ડો.શૈલેષ લુહાર, એડમીન ડિરેક્ટર હિતેન ઉપાધ્યાય, આચાર્યશ્રી ચંદ્રવદન પટેલ તથા તમામ શિક્ષકગણોએ ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

# વલસાડના છીપવાડ સ્થિત શ્રીકૃષ્ણ પ્રણામી મંદિરમાં શરદ મહોત્સવ ઉજવાયો

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) વલસાડ, તા.૨૩**



વલસાડના છીપવાડ સ્થિત શ્રી કૃષ્ણ પ્રણામી મંદિરમાં ૧૫૦ વર્ષથી શરદ મહોત્સવની ઉજવણી થાય છે. ત્રણ દિવસ સુધી ઉજવાતા શરદ મહોત્સવમાં શ્રી રાજજી શ્યામજીની સેવાને નીજ મંદિરમાંથી રાસ મંડળમાં પધરામણી કરવામાં આવે છે. આ વર્ષે પણ પ્રણામી સંપ્રદાય દ્વારા મંદિરના પ્રાંગણમાં શ્રી કૃષ્ણની વૃજલીલાના ગરબા રાસના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં દેશ વિદેશથી પધારેલા સંપ્રદાયના અનુયાયીઓએ મંદિરમાં પુજા અર્ચના કરી ધન્યતા અનુભવી હતી. મોડી રાત સુધી ભક્તોએ શ્રી કૃષ્ણની વૃજલીલાનાં ગરબા-રાસનો લ્હાવો લીધો હતો. આ શરદ મહોત્સવની ઉજવણીમાં ભીડભંજન મહાદેવ મંદિરના મહંત શિવજી મહારાજે ખાસ ઉપસ્થિત રહી પ્રણામી સંપ્રદાયના કોરોનાકાળ દરમિયાનની સેવાકીય પ્રવૃતિઓને બીરદાવી હતી.

**(પહેલાં પાનાનું ચાલુ)**
**''ભારતીય આદિમજાતિ સેવક સંઘ'' ...**

આ કાર્યક્રમમાં દેશના વિવિધ ૨૨ જેટલા રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાંથી ૧૧૫ આદિવાસી સમાજ અને સામાજિક સંસ્થાઓને આમંત્રિત કરવામાં આવ્યા હતા. જેમાં કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવમાંથી ''ભારતીય આદિવાસી ધોડિયા સમાજ ઉત્કર્ષ સંગઠન'' અને દાદરા નગર હવેલી ''આદિજાતિ વિકાસ પરિષદ''ના પ્રમુખોને પણ આમંત્રણ આપવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ધોડિયા સમાજના શ્રી અશ્વિન એચ. પટેલ અને શ્રી ઉત્તમભાઈ બી. પટેલ ઉપસ્થિત રહ્યા હતા, જ્યારે દાનહ આદિજાતિ વિકાસ પરિષદના ચેરમેન શ્રી શ્યામ એસ. વરખડે ઉપસ્થિત રહ્યા હતા. મહામહિમ રાષ્ટ્રપતિએ બી.એ.જે.એસ.એસ.ની ૭૫મી પ્લેટિનમ જ્યુબિલી ઉજવણી પ્રસંગે, ભારતીય આદિમ જાતિ સેવક સંઘના પ્રથમ પ્રમુખ અને મહામહિમ રાષ્ટ્રપતિ સ્વ. ડૉ. રાજેન્દ્ર પ્રસાદ, ભૂતપૂર્વ વડા પ્રધાન સ્વ. શ્રી મોરારજી દેસાઈ, ગુજરાતના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન સ્વ. શ્રી યુ.એન.ઢેભર, અને ભારતીય આદિમજાતિ સેવક સંઘના સ્થાપક સ્વ. શ્રી ઠક્કર બાપા અને દેશના બંધારણના ઘડવૈયા ભારત રત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરને યાદ કર્યા હતા.

મહામહિમ રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મૂએ પોતાના સંબોધનમાં તેમના જીવન વિશે વાત કરતા જણાવ્યું હતું કે, તેમના અભ્યાસ દરમિયાન તેમણે ''ભારતીય આદિમજાતિ સેવક સંઘ''ની છાત્રાલયમાં રહીને અભ્યાસ કર્યો હતો. તેમણે આ પ્રસંગે આદિવાસી સમાજ માટે કામ કરતા પ્રતિનિધિઓને અભિનંદન પાઠવ્યા હતા અને આદિવાસી સમાજ માટે ઉત્કૃષ્ટ કામગીરી કરનાર લોકોને એવોર્ડ આપી સન્માનિત કર્યા હતા. આ કાર્યક્રમમાં લોકસભાના સાંસદ અને અનુસૂચિત જાતિ અને જનજાતિ કલ્યાણની સંસદીય સમિતિના અધ્યક્ષ શ્રી ફગ્ગનસિંહ કુલસ્તે, કર્ણાટક વિધાનસભાના ઉપાધ્યક્ષ શ્રી રુદ્રપ્પા લાંબાણી, ભારતીય આદિમજાતિ સેવક સંઘના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી નયનચંદ હેમરન, જનરલ સેક્રેટરી શ્રી સચિવ અજય કુમાર ચૌબે, રાષ્ટ્રીય કાર્યકારી સમિતિના સભ્ય શ્રી શ્યામ વરખડે અને ૨૨ રાજ્યો અને સંઘપ્રદેશના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. આ અવસરે વિવિધ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશના આદિવાસી કલાકારો દ્વારા સાંસ્કૃતિક નૃત્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. દરમિયાન ૮ વર્ષના નાનકડા અહાન ગૌરવ વરખડે આદિવાસી બાળકોની નૃત્ય કલાની ઝલક જોઈને ઉપસ્થિત તમામ લોકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

**(પહેલાં પાનાનું ચાલુ)**
**સેલવાસના ભુરકુંડ ફળિયા સ્થિત...**

બાઈક ઉપર આવેલા અજાણ્યા બે વ્યક્તિઓ દ્વારા અપહરણ કરવાના પ્રયાસની ઘટના પ્રકાશમાં આવી હતી. સ્કૂલ વાનના ચાલકના સતર્કતા અને અપહરણકર્તાઓની પૂછપરછમાં બંને વ્યક્તિ બાઈક મુકીને ભાગી ગયા હતા. આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં ચકચાર અને ભયનો માહોલ ફેલાયો હતો.

પ્રાપ્ત માહિતી પ્રમાણે સેલવાસના ભુરકુંડ ફળિયા સ્થિત સેંટ ઝેવિયર્સ શાળા આવેલ છે. જેમાં ધોરણ ૪માં અભ્યાસ કરતા ૧૦વર્ષના એક વિદ્યાર્થીને નંબર પ્લેટ વગરની બાઈક ઉપર આવેલા અજાણ્યા બે વ્યક્તિઓ દ્વારા અપહરણ કરવાનો નિષ્ફળ પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ વાત પીડિત બાળકના પિતા શ્રી ચંપકભાઈ ભંડારી, રહેવાસી-ખરડપાડા જેઓ એમનો પુત્ર દર્શન જે સેંટ ઝેવિયર્સમાં ભણે છે જેને તેઓ પોતે જ શાળાએ મુકવા અને લેવા માટે જાય છે. રાબેતા મુજબ રોજની જેમ તેઓ શાળા છૂટવાના સમયે એમના દિકરાને લેવા માટે ગયા હતા અને સ્કૂલના ગેટ પાસે ઉભા રહી દિકરાની રાહ જોઈ રહ્યા હતા, પરંતુ એમનો દીકરો દેખાયો નહિ, ત્યારબાદ એમને ખબર પડી કે એમના બાળકને બે અજાણ્યા બાઈક સવાર શાળા પરિસરમાં ગેરકાયદેસર ઘુસી બાળકને લઈ જવાનો પ્રયાસ કરી રહ્યા હતા અને વગર નંબરની બાઈક પર બાળકને વચ્ચે બેસાડીને ચાકુ બતાવી ધમકાવી રહ્યા હતા.

અપહરણકારોએ બાળકને કહ્યું હતું કે તારા બાપ પાસે પૈસા ઘણા છે, તે સમયે એક વાન ચાલકને શંકા જતાં તેમણે આ બન્ને બાઈક સવારોને પુછ્યુ કે બાળકને ક્યાં લઈને જઈ રહ્યા છો..? ત્યારે અજાણ્યા વ્યક્તિઓએ જણાવ્યું કે આ બાળક અમારી વાનનો છે, એ દરમ્યાન બાળકે પણ પોતાના બચાવમાં બાઈક ચલાવી રહેલ વ્યક્તિને દાંતથી કરડી લીધો હતો જેના કારણે બાળક સાથે બંને ચોર ઈસમો બાઈક સાથે નીચે પટકાયા હતા અને બાળક અને બાઈક છોડીને અન્ય વાહનમાં બેસી ફરાર થઈ ગયા હતા. આ ઘટના અંગે ચંપકભાઈએ જણાવ્યું હતું કે, એમનો દીકરો અને આખો પરિવાર આ ઘટનાથી ભયભીત છે. વાન ચાલકની સતર્કતાથી એમનો દિકરો અપહરણકારોની ચુંગાલથી બચી ગયો. હેબતાઈ ગયેલા વિદ્યાર્થીના પિતાએ આવી ઘટના ફરી નહીં થાય એના માટે તેઓ સેલવાસ પોલીસ સ્ટેશને જઈ પોતાના દિકરા સાથે ઘટેલી સમગ્ર ઘટનાની આપવીતી જણાવી હતી.

સેલવાસ પોલીસે આખી ઘટનાની નોંધ કરી બાદમાં શાળાએ પહોંચી સીસીટીવી કેમેરાની તપાસ કરવા ગયા, પરંતુ જાણવા મળ્યું કે કે આ શાળા પરિસરમાં સીસીટીવી કેમેરા જ નથી લગાવવામાં આવ્યા જ્યારે શાળાની અંદર કેમેરા લગાવવામાં આવ્યા હતા. જેમાં આ અજાણ્યા વ્યક્તિઓ દેખાતા ન હતા. હાલમાં તો પોલીસ આ અજાણ્યા વ્યક્તિઓની તપાસ કરી રહી છે.

વિદ્યાર્થીના વાલી શ્રી ચંપકભાઈએ જણાવ્યું કે એમની કોઈની સાથે એવી કોઈ દુશ્મનાવટ નથી કે કોઈ એમના બાળકનું અપહરણ કરી શકે અને એમની પાસે એટલા પૈસા પણ નથી કે રૂપિયા માટે કોઈ આવું કરી શકે. એ સિવાય મારા બાળકની પણ કોઈ સાથે ઝગડો નથી થયો જેથી કોઈ પર શક પણ કેવી રીતે કરી શકાય.? એમની માંગ છે કે પોલીસ દ્વારા યોગ્ય તપાસ કરી સમગ્ર ઘટનાની સચ્ચાઈ સામે લાવવી જોઈએ જેથી ભવિષ્યમાં કોઈના બાળક સાથે આવી ઘટના ન બને.

U. T. ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU

DIU MUNICIPAL COUNCIL - DIU
NOTICE INVITING TENDER

1. BALANCE WORKS OF DIU SEWERAGE SCHEME AT DIU TOWN (SEWER COLLECTION NETWORK, RISING MAIN, PUMPING STATION, ELECTROMECHANICAL WORK, O & M OF FIRST FIVE YEARS).

www.diu.gov.in
dmc-diu-dd@nic.in
02875-252126

| | |
|---|---|
| Tender No. | :DMC/DIU/CONST/2024-2025/581 |
| Start date id submission | :21/10/2024 till 6.00 PM |
| Last date for physical submission | : 05/11/2024 at 14:30 AM |
| Bid opening date | : 05/11/2024 at 16:30 AM |

Chief Officer, Diu Municipal Council, Diu

No. IP/DMN/2/5/2024-25/791, Dated: 23/10/2024

વર્તમાન પ્રવાહ વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)


Redwop
INNOVATING FOR A BETTER WORLD
TERATILE MP
TERATILE GOLD
TERATILE SINEX
Tile Bonding Adhesive
SUPERKOT
SMARZKOT
POLYCOTE BB
Waterproofing Chemicals
Redwop की और से आप सभी को
दीपावाली की शुभकामनाएं
HAPPY Diwali
Concrete Admixture | Wallputty & Paints | Grouts | Sealant & Other Construction Chemicals
Get in Touch
info@redwop.net
www.redwop.net
+91 97246 55551
+91 281 2576664
REDWOP CHEMICALS PVT. LTD.
2nd Floor, Pearl Plaza Complex, Nr. GT Sheth School,
150ftRing Road, Rajkot 360005, Gujarat, India